नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – ८

October, 2017 કાર્તિક, ૨૦૭૪

## સ્વાધ્યાય : 'સ્વ'ના પૃથક્કરણનું સાધન

સ્વાધ્યાયનું મુખ્ય લક્ષ્ય સ્વાધ્યાય કરનારો પોતાની જાતનું અધ્યયન કરતાં શીખે તે છે. આપણે સ્વ-નું હિત કરવાના આશયથી સ્વાધ્યાય કરીએ છીએ, પણ સ્વ-નું પૃથક્કરણ કરવાની દૃષ્ટિથી સ્વાધ્યાય ભાગ્યે જ કરીએ છીએ. આપણા માટે સ્વાધ્યાય એટલે, આટલી ગાથાઓ આવડી કે આવડે છે, આટલા ગ્રંથો વાંચ્યા કે ભણ્યા છે, રોજ આટલી ગાથાનો સ્વાધ્યાય અચૂક કરવાનો, આ બધા ભાંગા વગેરે આંગળીના વેઢે છે, એ જ હોય છે. ક્ષયોપશમની વૃદ્ધિ માટે, કર્મનિર્જરા માટે, સમયના સદ્‌વ્યય માટે આ બધું અત્યંત ઉપકારક છે એ સ્વીકાર્યા પછી પણ, આ બધાથી સ્વ-નું પૃથક્કરણ થાય છે કે કેમ ? તે વાત તો બાકી જ રહી જાય છે. ઘણીવાર, આ બધાંના કારણે ચિત્ત ગર્વાભિમુખ બને, પ્રશંસાભૂખ્યું બની જાય અને બીજાને નબળા કે નિમ્ન ગણવા માંડે – એવું જોવા મળે છે. આવું બને ત્યારે अगदो वि विसायते तेसिं – આપણા માટે સ્વાધ્યાયસરીખું ઔષધ પણ વિષ બની રહેતું હોય છે.

ज्ञानं मद-दर्पहरं, माद्यति यस्तेन, तस्य को वैद्यः ? મદ અને દર્પ – બેયને શમાવનારું જ્ઞાન, તેના થકી જ કે તેને પામીને જ જે ગર્વોદ્ધત બની જાય, તેને બીજો કયો વૈદ્ય સાજો કરનારો મળશે ?

આવાં શાસ્ત્રવચનોને ધ્યાનપૂર્વક વાગોળવામાં આવે તો ઓછામાં ઓછું આપણે આપણા આત્માને તો ઉન્માદથી બચાવી શકીએ.

સ્વાધ્યાય પોતાનો અભ્યાસ કરાવનાર દર્પણ છે. તેમાં આપણે આપણા દોષ અને ગુણ બન્નેને નિહાળવાના છે. આપણામાં કયા ગુણ વધ્યા ? કેટલા વધ્યા ? અથવા દોષ કયા – કેટલી માત્રામાં વધ્યા કે ઘટ્યા ? આ બાબતની નિરંતર તપાસ રાખવાનું, સંયમનું સાધન તે સ્વાધ્યાય છે એ વાત સતત સ્મરણમાં રાખવી ઘટે.

આપણે ત્યાં ગુણસ્થાનક અને અધ્યવસાયસ્થાનકની વાતો સર્વત્ર આવે છે. આપણે ગુણસ્થાનક આવ્યું – ગયું, આમ કરીએ તો આવે કે જાય, આવી ચર્ચા-વિચારણા કાયમ કરીએ. પરંતુ ગુણસ્થાનક પ્રગટ્યું, આવ્યું એનો તાત્ત્વિક અર્થ શો ? આત્મિક અર્થ કયો ? એ તરફ બહુ ઓછું ધ્યાન હોય છે. કર્મગ્રંથની પરિભાષામાં, અમુક કર્મોનો વિચ્છેદ કે અબંધ વગેરે થાય ત્યારે અમુક ગુણસ્થાનક આવે એવું આપણે ભણી જઈએ છીએ, અને પછી જીંદગીભર તે વાતને ઘૂંટ્યા કરીએ છીએ. પરંતુ એ સમયે એવા કયા દોષો, કઈ માત્રામાં દૂર થાય ત્યારે, અને કયા આંતરિક ગુણો કઈ હદે વિકસિત થાય ત્યારે જે તે ગુણસ્થાનક ચિત્તમાં ઉદ્‌ભવે, તેનું બારીક પૃથક્કરણ કરવાનું આપણે લગભગ શીખતાં નથી, કરતાં નથી. સ્વાધ્યાય, જો સમુચિત રૂપમાં કરતાં ફાવે તો, આપણને આ વાત શીખવાડી શકે.

અપૂર્વકરણ વગેરે ત્રણ કરણોની વાતો આપણે કોઈ શાસ્ત્રજ્ઞની અદાથી પ્રરૂપતાં હોઈએ છીએ. ભણીએ ને આવડી જાય તો કાંઈક ખાસ જાણ્યાનો ઓડકાર આવતો હોય છે. પણ ભણવું તથા આવડવું એ એક જ વાત છે, અને સમજણ પામવી એ બીજી વાત છે.

કરણ એટલે અધ્યવસાય – પરિણામ, એમ ભણ્યા છીએ. પરંતુ યથાપ્રવૃત્તકરણ એટલે ચિત્તના કયા – કેવા – કઈ માત્રામાં વધતા જીવના ગુણાત્મક અધ્યવસાય ? તેનાથી જીવ અંતઃકોડાકોડી સ્થિતિમાં આવી શકતો હોય તો તેની ગુણાત્મક તાકાત કે મૂલ્યવત્તા કેવી – કેટલી હોય ? આ રીતે વિચારવાનું ચૂકી જતાં હોઈએ છીએ.

સ્વાધ્યાયનો આ પરમાર્થ છે એમ અલ્પમતિથી સમજાય છે.

મારા સાધુઓ, આત્મસાધન કાજે જ, ઘર-બાર તજીને પોતાના ગુરુના શરણે-ચરણે આવીને બેઠા છે, એવું હું દૃઢપણે માનું છું. આ બધા જીવો કેટલા બધા ઉત્તમ ગણાય ! કલ્પનાતીત ! અવર્ણ્ય ! એમની ઉત્તમતાનો સ્વાધ્યાય જેવા શાસન-શ્રેષ્ઠ સાધન થકી ખોબલે ખોબલે વિકાસ થાય, તે જોવાને હૈયું ઉત્સુક રહે છે. અને **શ્રુતસંવિભાગ** જેવામાં એની આછીપાતળી ઝલક જોવા મળે ત્યારે ચિત્ત પ્રમુદિત-પુલકિત બની જાય છે. બસ, મારા નાના મિત્રો પ્રત્યે એક જ અરજ : સ્વાધ્યાયથી ડરતાં નહિ, એમાં જ મચ્યા રહેજો.

**- વિજયશીલચંદ્રસૂરિ**

* * *

# *દ્રવ્યાનુયોગ*

## ૧. *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની એક ગાથાના તાત્પર્ય અંગે વિચારણા

*કર્મપ્રકૃતિ* ના સંક્રમકરણના અધિકારમાં ગાથા ૧૦૮ इगविगलिंदियजोग्गा° ની વૃત્તિમાં સમ્યક્ત્વની બે વખત ૬૬-૬૬ સાગરોપમની પ્રરૂપણામાં (વસ્તુતઃ કેટલાંક કર્મોના ૧૮૫ સાગરોપમ સુધી અબંધકાળની પ્રરૂપણામાં) *ઉપાધ્યાય શ્રીયશોવિજયજી* ભગવંતે જણાવ્યું છે કે –

°वारद्वयं विजयादिषु गमनेन षट्षष्टिसागरोपमाणि सम्यक्त्वकालं पूरयित्वा मनुष्येष्वन्तर्मुहूर्तं सम्यग्मिथ्यात्वमनुभूय तदन्तरितं द्वितीयं षट्षष्टिप्रमाणं सम्यक्त्वकालं वारत्रयमच्युतगमनेन पूरयति ।।

અર્થાત્ બે વાર વિજયાદિ અનુત્તર વિમાનમાં જઈને ૬૬ સાગરોપમની ઉત્કૃષ્ટ સમ્યક્ત્વની સ્થિતિ પૂર્ણ કરીને, પછી એ જીવ મનુષ્યનો ભવ પામશે. ત્યાં એક અંતર્મુહૂર્ત માટે મિશ્ર ગુણસ્થાનકે ગમન કરીને ફરીથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્રણ વાર અચ્યુત કલ્પમાં જઈને બીજી વાર ૬૬ સાગરોપમની ઉત્કૃષ્ટ સમ્યક્ત્વની સ્થિતિનો અનુભવ કરશે. આ રીતે કુલ ૧૩૨ સાગરોપમથી પણ અધિક કાળ સુધી એ જીવ મિથ્યાત્વે જતો નથી. આટલું જણાવ્યા પછી *ઉપાધ્યાયજી* ભગવંત સ્પષ્ટતા કરતાં જણાવે છે કે –

इह भावनायां सम्यक्त्वात् प्रच्युतस्य मिश्रगमनं यदुच्यते तत् कार्मग्रन्थिकमतेनाऽविरुद्धम् । सैद्धान्तिकानां तु न सम्मतमिदम् । यत उक्तं *कल्पभाष्ये* – मिच्छत्ता संकंती...।।

અર્થાત્ અહીં જે સમ્યક્ત્વમાંથી ચ્યુત થઈને મિશ્રગુણઠાણે જવાની વાત કરી તે *કર્મગ્રંથ* નો મત સમજવો જોઈએ; સૈદ્ધાંતિક મતમાં આ વાત માન્ય નથી. કારણ કે *કલ્પભાષ્ય* માં કહ્યું છે કે - “મિથ્યાત્વથી સમ્યક્ત્વમાં અને મિશ્રમાં જીવનું સંક્રમણ અવિરુદ્ધ છે. મિશ્રથી મિથ્યાત્વમાં અને સમ્યક્ત્વમાં સંક્રમણ થઈ શકે છે. પરંતુ સમ્યક્ત્વમાંથી જીવનું મિથ્યાત્વમાં જ સંક્રમણ થઈ શકે છે, મિશ્રમાં નહીં.”

આ જ રીતે *શતક* કર્મગ્રંથની સ્વોપજ્ઞ વૃત્તિમાં ગાથા ૫૬ ની વ્યાખ્યામાં *શ્રીદેવેંદ્રસૂરિ* મહારાજ જણાવે છે કે –

“इह च सम्यक्त्वात् प्रच्युतस्य मिश्रगमनं यदुच्यते तत् कार्मग्रन्थिकाभिप्रायेण सम्मतमेवेति । सैद्धान्तिकानां तु न सम्मतमिति । उक्तं च -*कल्पभाष्ये* – मिच्छत्ता संकंती...।।”

મતલબ કે *શ્રીદેવેંદ્રસૂરિ* મહારાજના મતે પણ 'સમ્યક્ત્વમાંથી જીવનું મિથ્યાત્વમાં જ સંક્રમણ થઈ શકે છે, મિશ્રમાં નહીં' એવું *કલ્પભાષ્ય* ની ઉપરોક્ત ગાથાના આધારે જ ફલિત થાય છે.

હવે *કલ્પભાષ્ય* ની આ ગાથાની *શ્રીમલયગિરિ* મહારાજે કરેલી વ્યાખ્યા જોઈએ –

मिथ्यात्वात् पुद्गलसङ्क्रान्तिः सम्यक्त्व-मिश्रयोरविरुद्धा । मिश्रतो वा- सम्यग्मिथ्यात्वतो वा पुद्गलानादाय द्वावपि सङ्क्रमयति । तद्यथा – मिथ्यात्वं सम्यक्त्वं च । यथोक्तमनन्तरम् । सम्यक्त्वात्- सम्यक्त्वदलिकात् पुनः पुद्गलानादाय न मिश्रं- मिश्रभावं परिणमयति ।। (*કલ્પભાષ્ય* – ગાથા-૧૧૪)

અર્થાત્ મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ અને મિશ્ર – બંનેમાં પુદ્ગલોનો સંક્રમ થઈ શકે છે. એ જ રીતે મિશ્રમાંથી પણ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ – બંનેમાં પુદ્ગલોનો સંક્રમ થઈ શકે છે. પરંતુ સમ્યક્ત્વમાંથી ફક્ત મિથ્યાત્વમાં જ પુદ્ગલોનું સંક્રમણ થઈ શકે, મિશ્રમાં નહીં.

હવે વિચારવાનું એ છે કે *ઉપાધ્યાય શ્રીયશોવિજયજી* 'સમ્યક્ત્વમાંથી જીવનું મિથ્યાત્વમાં જ સંક્રમણ થઈ શકે છે, મિશ્રમાં નહીં' એવા સૈદ્ધાંતિક મતના સમર્થન માટે *કલ્પભાષ્ય* ની જે ગાથાનો હવાલો આપે છે તે ગાથાની *શ્રીમલયગિરિ* મહારાજે કરેલી વૃત્તિ પ્રમાણે તો આ ગાથાનું તાત્પર્ય દર્શનમોહનીયની તે તે પ્રકૃતિઓમાં ક્યાં ક્યાં કેવો સંક્રમ થઈ શકે તે દર્શાવવાનું છે, જીવ કયા ગુણસ્થાનકથી કયા ગુણસ્થાનકે જઈ શકે તેની વાત આ ગાથામાં છે જ નહીં.

મતલબ કે સંક્રાંતિ બે રીતની સંભવે છે – ૧. જીવ એક ગુણસ્થાનકથી બીજા ગુણસ્થાનકમાં જાય. ૨. પુદ્ગલોનું એક કર્મપ્રકૃતિમાંથી બીજી કર્મપ્રકૃતિમાં સંક્રમણ થાય. પહેલી વાત જીવસંક્રાંતિ તરીકે ઓળખાય છે. જ્યારે બીજી વાત પુદ્ગલસંક્રાતિ તરીકે વર્ણવાય છે. *કલ્પભાષ્ય* ની પ્રસ્તુત ગાથામાં તો એટલું જ જણાવાયું છે કે "મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ અને મિશ્ર – ઉભયમાં સંક્રમણ અવિરુદ્ધ છે. મિશ્રમાંથી પણ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ – બંનેમાં સંક્રમ થઈ શકે છે. પરંતુ સમ્યક્ત્વમાંથી માત્ર મિથ્યાત્વમાં જ સંક્રમણ થઈ શકે છે, મિશ્રમાં નહીં." આમાં સંક્રમણ પુદ્ગલ કે જીવ કોનું સમજવાનું છે તેની કોઈ સ્પષ્ટતા નથી. તેથી બંને રીતે તેનો અર્થ કરી શકાય છે. *ઉપાધ્યાય શ્રીયશોવિજયજી* અને *શ્રીદેવેંદ્રસૂરિ* મહારાજ અત્રે જીવસંક્રાંતિ-પરક અર્થ પકડીને ચાલ્યા છે. જ્યારે *શ્રીમલયગિરિ* મહારાજે આ ગાથાની વૃત્તિમાં પુદ્ગલોનું સંક્રમણ સમજાવ્યું છે.

આમાં પુદ્ગલોના સંક્રમણની વાતમાં તો કાર્મગ્રંથિક આચાર્યો પણ સમ્મત છે. કેમ કે *કર્મપ્રકૃતિ*-ગત સંક્રમકરણના પ્રારંભમાં જ આ પ્રકારનું સંક્રમણ જણાવવામાં આવ્યું છે. પણ જો આ ગાથાનો જીવસંક્રમપરક અર્થ કરવામાં આવે તો એવો અર્થ સ્વાભાવિક રીતે કાર્મગ્રંથિક આચાર્યોને સમ્મત ન જ થાય.

હવે જો *શ્રીદેવેંદ્રસૂરિ* મહારાજ અને *ઉપાધ્યાય શ્રીયશોવિજયજી* ભગવંતે આ ગાથાનો જે અર્થ તારવ્યો છે તે જ અર્થને જો આપણે ધ્યાનમાં લઈએ તો *શ્રીમલયગિરિ* મહારાજે કરેલો પુદ્ગલસંક્રાંતિપરક અર્થ ખોટો ઠરે છે. અને જો *શ્રીમલયગિરિ* મહારાજે કરેલા અર્થને માન્ય ગણીએ તો 'સમ્યક્ત્વમાંથી જીવનું મિથ્યાત્વમાં જ સંક્રમણ થઈ શકે છે, મિશ્રમાં નહીં' એવા સૈદ્ધાંતિક મતના આધાર તરીકે આ ગાથાને રજૂ કરવામાં આવે છે તે વાત યોગ્ય નહીં ગણાય.

બહુ વિચાર કરતાં એમ જણાય છે કે કદાચ આપણે ત્યાં 'કાર્મગ્રંથિક આચાર્યોને મતે જીવનું સમ્યક્ત્વમાંથી મિશ્ર ગુણસ્થાનકે ગમન માન્ય છે, પણ સૈદ્ધાંતિક મતે એ વાત માન્ય નથી.' એવો જે પ્રવાદ પ્રવર્તે છે તેનું મૂળ આ ગાથાના પુદ્ગલોના સંક્રમણને બદલે જીવોના સંક્રમણને અનુલક્ષીને જે ભળતો અર્થ કરવામાં આવે છે તેમાં છે. પણ જો *શ્રીમલયગિરિ* મહારાજે આ ગાથાનો જે અર્થ જણાવ્યો છે તે જ અર્થને માન્ય કરી લઈએ તો કાર્મગ્રંથિક મત અને સૈદ્ધાંતિક મતમાં કોઈ જુદાઈ જ નહીં રહે, બંને એક જ થઈ જશે.

આ ફક્ત એક ઊહાપોહમાત્ર છે, નિર્ણય નથી. તત્ત્વનો નિશ્ચય તો બહુશ્રુત ભગવંતો જ કરી શકે.

*

## ૨. મંગલ શા માટે ?

*બૃહત્કલ્પલઘુભાષ્ય* ની ગાથા – ૨૦ માં મંગલ શા માટે કરવું જોઈએ તેનાં કારણો જણાવવામાં આવ્યાં છે –

૧. મંગલ કરવાથી રોગાદિ વિઘ્નોનો ઉપશમ થાય છે. એનો ઉપશમ થવાથી આચાર્ય દ્વારા મહાન પ્રયત્નથી અનુયોગનો પ્રારંભ કરવામાં આવે છે. તેવી રીતે અનુયોગનો પ્રારંભ થાય એટલે ૨. શિષ્યને શાસ્ત્રના ગ્રહણમાં અત્યંત શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ૩. શ્રદ્ધાવાળા જીવને શાસ્ત્રનું અવધારણ કરવામાં મહાન આદર પેદા થાય છે. ૪. આદર ધરાવનાર જીવને શાસ્ત્રના વિષયમાં સતત ઉપયોગ પ્રવર્તે છે. ૫. જ્યારે જ્યારે ઉપયોગ જન્મે ત્યારે ત્યારે તે સમ્યગ્જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાનાવરણીય કર્મની ઘણી જ નિર્જરા પ્રવર્તે છે. ૬. એ નિર્જરાને લીધે શાસ્ત્રનો બોધ અતિશય સ્ફુટ બને છે. ૭. શાસ્ત્રનો બોધ પામેલા જીવને ગુરુભગવંત પર, શાસ્ત્ર પર અને શ્રુતજ્ઞાન પર અકૃત્રિમ એવી ભક્તિ ઉલ્લસિત થાય છે. ૮. એને લીધે થતી પ્રવૃત્તિને લીધે શાસનની મહાન પ્રભાવના થાય છે.

અત્રે દર્શાવેલાં મંગલ કરવાનાં કારણો પ્રાયઃ પ્રસિદ્ધ છે. પણ આ લઘુભાષ્યની વૃત્તિસ્વરૂપ *બૃહત્કલ્પબૃહદ્ભાષ્ય* માં આ ઉપરાંત એક નવું જ કારણ જણાવવામાં આવ્યું છે. ત્યાં કહ્યું છે કે –

हवति य निज्जरफलदं ण य पंता-देवताछलणं ।।

અર્થાત્ મંગલ કરવાથી પ્રાંત દેવતા જેવાં મલિન તત્ત્વો આપણને હેરાન કરતાં નથી. સારાં કામમાં સો વિઘ્નો એ જાણીતી વાત છે. એટલે સારા કામમાં મિથ્યાત્વી દેવોનો ઉપદ્રવ થવાની પણ શક્યતા રહે જ. એ ઉપદ્રવના નિવારણ અર્થે પણ મંગલ કરવાનું હોય છે.

*

## *૩. તત્ત્વાર્થભાષ્ય* ના એક પ્રતિપાદનની આગમિકતા

*તત્ત્વાર્થસૂત્ર* – ૧.૮ ના સ્વોપજ્ઞ *ભાષ્ય* માં વાચકવર્ય *શ્રીઉમાસ્વાતિ* મહારાજે સમ્યગ્દર્શન અને સમ્યગ્દૃષ્ટિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે –

अपायसद्द्रव्यतया सम्यग्दर्शनम् । अपायः- आभिनिबोधिकं, तद्योगात् सम्यग्दर्शनम् । तत् केवलिनो नाऽस्ति । तस्माद् न केवली सम्यग्दर्शनी । सम्यग्दृष्टिस्तु भवति ।।

આનો સામાન્ય અર્થ એમ જણાય છે કે – સમ્યગ્દર્શન અપાયની અપેક્ષાએ થાય છે. મતલબ કે આભિનિબોધિક જ્ઞાનના એક ભેદરૂપ અપાયથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. તેથી એવું સમ્યગ્દર્શન કેવલી ભગવંતોને હોઈ શકે નહીં. માટે કેવલી ભગવંતો સમ્યગ્દર્શની હોતા નથી. પણ તેઓને સમ્યગ્દૃષ્ટિ ચોક્કસ હોય છે.

*તત્ત્વાર્થભાષ્ય* ના આ સંદર્ભને *આર્હતદર્શનદીપિકા* માં ઉદ્ધૃત કરતા પ્રા. હીરાલાલ ૨. કાપડિયાએ નોંધ્યું છે કે – "છાદ્મસ્થિક સમ્યક્ત્વ 'સમ્યગ્દર્શન' કહેવાય અને કેવલી ભગવંતોનું સમ્યક્ત્વ 'સમ્યગ્દૃષ્ટિ' ગણાય, આવો અર્થભેદ કોઈપણ શ્વેતાંબરીય આગમ અથવા દિગંબરીય પ્રાચીન ગ્રંથોમાં મેં જોયો નથી. સર્વપ્રથમ *તત્ત્વાર્થભાષ્ય* માં જ આ પ્રરૂપણા જોવા મળે છે."

પરંતુ તેમની આ વાત વિચારણીય જણાય છે. કેમ કે *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની ગાથા ૮૯ માં આ જ વાત રજૂ થઈ છે. જુઓ –

आभिणिबोहमवायं वयंति तप्पच्चयाउ सम्मत्तं । जा मणपज्जवनाणी सम्मद्दिट्ठी उ केवलिणो ।।

આની *શ્રીમલયગિરિજી* મહારાજ રચિત વૃત્તિ આ પ્રમાણે છે –

आभिनिबोधिकभेदो योऽपायो यद्वशाद् यथावस्थितार्थविनिश्चयस्तं सम्यक्त्वस्य प्रत्ययं वदन्ति पूर्वसूरयः, सम्यग्ज्ञाने सम्यक्श्रद्धानभावात् । अपायप्रत्ययाच्च सम्यक्त्वं तावदवसेयं यावन्मनःपर्यायज्ञानिनः, ततः परमपायस्याऽभावात् । केवलिनः केवलज्ञानप्रत्ययादेव सम्यग्दृष्टयः ।।

આનો સામાન્ય અર્થ એમ સમજાય છે કે – અપાય આભિનિબોધિક જ્ઞાન છે. અપાય સમ્યક્ત્વનો પ્રત્યય એટલે કે કારણ (અને જ્ઞાપક પણ) બને છે. આ અપાયના પ્રત્યયથી સમ્યક્ત્વ મતિજ્ઞાનીથી લઈને મનઃપર્યાયજ્ઞાની સુધી થાય છે. મતલબ કે અપાયને લીધે આ બધા સમ્યગ્દર્શનવાળા હોય છે. પરંતુ કેવલી ભગવંતોને આભિનિબોધિક જ્ઞાનસ્વરૂપ અપાય હોતો નથી, તેથી તેઓ સમ્યગ્દૃષ્ટિવાળા હોય છે, સમ્યગ્દર્શનવાળા નહીં. અર્થાત્ સમ્યગ્દર્શન ક્ષયોપશમભાવથી જનિત હોવાથી કેવલી ભગવંતોને ન હોય. પણ એમની દૃષ્ટિ તો સમ્યક્ જ હોય છે, કેમ કે તેઓ ક્ષાયિકભાવવાળા હોય છે, એટલે તેઓને સમ્યગ્દૃષ્ટિવાળા માનવા ઉચિત છે.

સ્પષ્ટપણે *તત્ત્વાર્થભાષ્ય* માં જેની પ્રરૂપણા છે તે જ વાત *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં પણ રજૂ થઈ છે. આ *બૃહત્કલ્પલઘુભાષ્ય* આગમપંચાંગીનો જ એક હિસ્સો છે. તેથી *તત્ત્વાર્થભાષ્ય* નું આ પ્રતિપાદન અનાગમિક છે એવું માનવાની જરૂર હવે રહેતી નથી.

*

## ૪. છત્રાંતિક પર્ષદા એટલે ખરેખર શું ?

*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા - ૩૭૯-૩૮૦ માં पूरंतिया વગેરે પાંચ પ્રકારની લૌકિક તેમ જ લોકોત્તર પર્ષદાની પ્રરૂપણા છે. તેમાં આવતી બંને પ્રકારની છત્રાંતિક પર્ષદાના વિષયમાં શ્રમણસંસ્થામાં પ્રવર્તતી એક ગેરસમજનું નિરાકરણ કરવાનો અત્રે ઉદ્દેશ છે. એક મહાનુભાવ દ્વારા છત્રાંતિક પર્ષદાનો અર્થ ઉપરોક્ત ગાથા અને તેની *શ્રીમલયગિરિજી* મહારાજ રચિત વૃત્તિના આધારે આ પ્રકારે કરવામાં આવ્યો છે –

“(લૌકિક) છત્રાંતિક પર્ષદામાં રાજાના મિત્ર, અંગરક્ષક, નોકર-ચાકર આ બધાનો સમાવેશ થાય છે. રાજા જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એના મસ્તક પર છત્ર ધરવામાં આવે છે, છડીદારો એની છડી પોકારે છે, ચારેબાજુ ખુલ્લી તલવાર લઈને અંગરક્ષક ઊભા રહે છે. આ સમગ્ર વર્ગ – એટલે કે છત્રધર, ચામરધર, છડીદાર, અંગરક્ષક આ બધા - છત્રાંતિક પર્ષદામાં સમાવેશ પામે છે.”

જે પાઠનો અર્થ અથવા તાત્પર્ય આવું કાઢવામાં આવે છે તે પાઠ આમ છે –

“૧. छत्तविदिन्ना उ ईसरा बितिया (*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા-૩૭૯) ૨. जे पुण छत्तविदिन्ना अयंति ते बाहिरं सालं (*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા-૩૮૦) ३. ये पुनः छत्रवितीर्णाः- प्रदत्तछत्रा राजानो भटभोजिकाश्च ते बाह्यां शालां यावदागच्छन्ति, शेषा वार्यन्ते, एषा छत्रान्तिका- छत्रवती पर्षत् ।। (*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા-૩૮૦ વૃત્તિ)”

આનો સ્પષ્ટ શબ્દાર્થ – જે લોકોને ‘છત્ર’ની અનુમતિ આપવામાં આવી છે તેવા મહત્તર પુરુષો તે છત્રાંતિક પર્ષદા. વૃત્તિનો અર્થ – (સમ્રાટ્ દ્વારા) જેમને છત્ર આપવામાં આવ્યું હોય તેવા (છત્રધર) રાજાઓ, વીર સુભટો, ભાયાતો અથવા ઠાકુરો – આ બધા રાજસભા (બાહ્યશાલા) સુધી આવી શકે છે. બીજાને ત્યાં આવવાનો નિષેધ હોય છે. આવા છત્રધર લોકો લૌકિક છત્રાંતિક પર્ષદા તરીકે ઓળખાય છે.

અહીં લૌકિક છત્રાંતિક પર્ષદાને રાજાના છત્રધર, ચામરધર, અંગરક્ષક વગેરે નોકરવર્ગ સાથે કોઈ લેવાદેવા નથી તે સ્વયંસ્પષ્ટ છે.

હવે લોકોત્તર છત્રાંતિક પર્ષદા વિશે એવું જણાવવામાં આવે છે કે “છત્રાંતિક પર્ષદામાં અમુક આગમોના જ્ઞાતા અને લાયક એવા સાધુઓનો સમાવેશ થાય છે. આવા ગીતાર્થ સાધુઓ આચાર્યની સમીપ રહીને તેમની વૈયાવચ્ચ માટે હરહંમેશ ઉદ્યત રહે છે. જેવાં જૂની પોથીઓમાં ચિત્રો જોવાં મળે છે તેમ, આચાર્ય સિંહાસન પર આરૂઢ હોય, અને એક સાધુ તેમની પાસે ચોકીદારની જેમ ઊભો હોય, બીજો એમને પંખો નાંખતો હોય, ત્રીજો એમની વૈયાવચ્ચ કરી રહ્યો હોય... આચાર્યને પંખો વીંઝાતો હોય, છત્ર-ચામર ઢળતાં હોય તેવી વાત *પ્રભાવકચરિત* માં આવે છે.”

લાગે છે કે આ બધી વાતો છત્રાંતિક પર્ષદાના બહાને લખીને, પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે, આચાર્ય પંખા વગેરેનો ઉપયોગ કરે તો તે શાસ્ત્રસંમત છે – આવો સંકેત અહીં આપવામાં આવી રહ્યો છે. પરંતુ આપણે ઉપર જોયું તેમ *બૃહત્કલ્પલઘુભાષ્ય* નો પાઠ તો આવો કોઈ જ સંકેત આપતો નથી. આવી કોઈ વાતને આ પાઠનું કે તેની વૃત્તિનું સમર્થન પણ નથી. અહીં તો ફક્ત એટલું જ જણાવવામાં આવ્યું છે કે "જેમ સમ્રાટ્‌ની છત્રાંતિક પર્ષદામાં છત્રધર રાજાઓ જેવી વિશિષ્ટ વ્યક્તિઓનું જ સ્થાન હોય છે તેમ આચાર્યની છત્રાંતિક પર્ષદામાં પણ વિશિષ્ટ આગમજ્ઞ-ગીતાર્થ મુનિઓનો જ સમાવેશ થાય છે, અન્યોનો નહીં." અને ત્યાં તેવા સાધુઓ ફલાણી-ઢીંકણી વૈયાવચ્ચ કરે છે તેવી વાતની કોઈ ગંધ પણ નથી.

જો રાજાના પક્ષે છત્રધર-ચામરધર વગેરે નોકરવર્ગને છત્રાંતિક પર્ષદા ગણવામાં આવે તો એ વાતને લાગુ પાડીને સાધુના પક્ષે પણ તે તે કામ કરવાવાળા દેખાડી શકાય. પણ એવો સંદર્ભ અહીં છે જ નહીં. *જૈન વિશ્વભારતી* – લાડનૂં થી પ્રકાશિત *બૃહત્કલ્પભાષ્ય* ના અનુવાદમાં પણ છત્રાંતિક પર્ષદા અંગે અત્રે જણાવેલો અર્થ જ કરવામાં આવ્યો છે –

लौकिक छत्रांतिका परिषद् – छत्रप्राप्त श्रेष्ठ पुरुषों की परिषद् । राजा ने जिन्हें छत्र प्रदान किया है, वे राजा तथा योद्धा और भोजिक (ग्राम का मुखिया) बाह्य शाला में साथ साथ आते हैं, शेष को रोक दिया जाता है, वह परिषद् । लोकोत्तर छत्रांतिका परिषद् – दशाश्रुतस्कंध आदि उपरितन आगमों का अध्ययन करनेवाली परिषद् । पारिणामिक शिष्य ही इसमें प्रवेश पा सकते हैं ।

ફરીથી, આ પાઠના આધારે આચાર્યને પંખો, છત્ર, સિંહાસન વગેરેના ઉપયોગની છૂટ નથી જ મળતી.

આચાર્ય તીર્થંકરતુલ્ય અને શાસનના રાજા સમાન હોય છે આ વાત ત્યારે યથાર્થ ગણાય કે જ્યારે આચાર્ય શાસ્ત્રની આજ્ઞાનું અણીશુદ્ધ પાલન કરે, શાસનની મર્યાદાનો લોપ ન કરે અને શુદ્ધ પ્રરૂપણા કરે. તે છત્ર-પંખા વાપરી શકે તે માટે શાસનના રાજા નથી ગણાતા. – **ત્રૈ.**

* * *

## દશ પ્રકારનાં આયુષ્ય

*આવશ્યકનિર્યુક્તિ* – ગાથા – ૧૦૪૩ અને *વિશેષાવશ્યકમહાભાષ્ય* – ગાથા – ૩૫૧૦ માં દશપ્રકારનાં આયુષ્ય જણાવવામાં આવ્યાં છે –

૧. નામ આયુષ્ય – આયુષ્ય એવું જેનું નામ હોય તે.

૨. સ્થાપના આયુષ્ય – આયુષ્યની કોઈક રીતે અસદ્‌ભાવ સ્થાપના કરવી તે.

૩. દ્રવ્ય આયુષ્ય – ઘી વગેરે જીવન જીવવાના હેતુભૂત સચિત્ત કે અચિત્ત દ્રવ્ય તે.

૪. ઓઘ આયુષ્ય – નારક વગેરે ભેદ વગરનું કેવળ આયુષ્યકર્મ તે.

૫. ભવ આયુષ્ય – નારક વગેરે વિશિષ્ટ ભેદવાળું આયુષ્ય તે.

૬. તદ્‌ભવ આયુષ્ય – જે ભવમાં હોય તે જ ભવમાં પુનઃ જવાથી તે આયુષ્ય પૂર્વભવ સાથે સમાનજાતીય હોવાથી તે. (જેમ કે મનુષ્ય મરીને મનુષ્ય થાય તે.)

૭. ભોગ આયુષ્ય – ચક્રવર્તી વગેરે ભોગપ્રધાન જીવોનું આયુષ્ય.

૮. સંયમ આયુષ્ય – સંયમી જીવોનું સંયમપ્રધાન આયુષ્ય.

૯. યશ આયુષ્ય – મહાવીરસ્વામી જેવા લોકોત્તમ પુરુષોનું ઉત્તમ યશને ધરનારું આયુષ્ય.

૧૦. કીર્તિ આયુષ્ય – મહાવીરસ્વામી જેવા લોકોત્તમ પુરુષોનું ઉત્તમ કીર્તિને ધરનારું આયુષ્ય.

**- મુનિ શ્રીપદ્મચંદ્રસાગરજી ગણિ** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

# विजयादिषु द्विचरमाः

વિજય વગેરે ચારે અનુત્તર દેવલોકમાં દેવો દ્વિચરમ હોય છે એમ *તત્ત્વાર્થસૂત્ર* ની *શ્રીસિદ્ધસેન ગણિ* રચિત વૃત્તિમાં સ્પષ્ટપણે લખ્યું છે. ત્યાં આ વાત આ રીતે સમજાવવામાં આવી છે કે વિજય વગેરે ચારે અનુત્તર દેવલોકમાંથી ચ્યવીને મનુષ્ય થાય. અને પછી પુનઃ વિજયાદિમાં ઉત્પન્ન થાય. ત્યાર પછી મનુષ્ય થઈને મોક્ષ પામે.

ત્યાં આ વાતને સ્પર્શતો એક અન્ય મત પણ નોંધવામાં આવ્યો છે. અન્ય મત એવું માને છે કે વિજય વગેરેમાંથી ચ્યવી મનુષ્ય બનીને પછી છેલ્લે સર્વાર્થસિદ્ધમાં જાય. પછી પુનઃ મનુષ્યભવ પામી મોક્ષ પ્રાપ્ત કરે. *શ્રીસિદ્ધસેન ગણિ* આ મતને અયોગ્ય ગણવાના કારણમાં જણાવે છે કે સર્વાર્થસિદ્ધમાં ગયા પછી તો મોક્ષ છે જ. તો એમાં વિજય વગેરેનો કયો અતિશય ? મૂળ પાઠ –

विजयादिभ्यश्च्युताः परमुत्कर्षेण द्विर्जनित्वा मनुष्येषु सिद्धिमनुगच्छन्ति । विजयादिविमानाच्च्युतो मनुष्यः पुनरपि विजयादिषु देवस्ततश्च्युतो मनुष्यः सन् सिध्यतीति । अपरे वर्णयन्ति – विजयादिभ्यश्च्युताः परतो मनुष्याः सर्वार्थसिद्धजन्मलाभं लब्ध्वा तृतीये भवे सिध्यन्तीति द्विचरमाः । एतत्त्वयुक्तं व्याख्यानम् । सर्वार्थसिद्धविमानोत्पादे सति तत्प्रच्युतिसमनन्तरजन्मनि सिद्धिगतिश्रवणात् कोऽतिशयस्तत्र विजया-दीनामिति ।।

આ પ્રરૂપણા પરથી એવું ફલિત થાય છે કે *શ્રીસિદ્ધસેન ગણિ* વિજય વગેરે ચારે અનુત્તર દેવલોકમાં ગયેલા જીવોને દ્વિચરમ જ ગણે છે. પણ *શ્રીપ્રજ્ઞાપનાસૂત્ર, નવ્ય પંચમ કર્મગ્રંથ વૃત્તિ, લોકપ્રકાશ* વગેરે ગ્રંથોમાં આ સંબંધે બે-ત્રણ મતાંતરો મળે છે. ક્રમશઃ જોઈએ તો –

*શ્રીપ્રજ્ઞાપનાસૂત્ર* માં જણાવવામાં આવ્યું છે કે –

इह विजयादिषु चतुर्षु गतो जीवो नियमात् तत उद्धृतो न जातुचिदपि नैरयिकादि-पञ्चेन्द्रियतिर्यक्पर्यवसानेषु तथा व्यन्तरेषु ज्योतिष्के च मध्ये समागमिष्यति, तथास्वाभाव्यात् मनुष्येषु सौधर्मादिषु वा गमिष्यति । तत्राऽपि जघन्यत एकं द्वौ वा भवानुत्कर्षतः सङ्ख्येयान्, न पुनरसङ्ख्येया-ननन्तान् वा ।। (पद - १५)

મતલબ કે વિજય વગેરે ચારે અનુત્તર દેવલોકમાં ગયેલો જીવ નિયમા નરકગતિ, તિર્યંચગતિ કે વૈમાનિક સિવાયના દેવલોકમાં ન જાય. એ જીવ અલબત્ત જઘન્યથી એક કે બે ભવ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ભવ કરી શકે છે. પણ અસંખ્યાતા કે અનંતા ભવ એ જીવના ન જ હોય. અને એ બધા ભવ મનુષ્ય કે વૈમાનિક દેવલોકના જ હોય.

*નવ્ય પંચમ કર્મગ્રંથ* – ગાથા ૫૬ ની વૃત્તિમાં તિર્યંચગતિ આદિ ૭ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અબંધકાળ ૧૬૩ સાગરોપમ જણાવાયો છે. તેમાં વિજય વગેરે ચારે અનુત્તર દેવલોકમાં ગયા પછી ત્રણ વાર અચ્યુત દેવલોકમાં અને ચાર વાર મનુષ્યભવમાં ગમન દર્શાવાયું છે. તેમાં પણ એટલી ચોખવટ કરવામાં આવી છે કે જો બે વાર વિજય વગેરે ચારે અનુત્તર દેવલોકમાં જઈ આવેલો જીવ તે પછીના મનુષ્યભવમાં અબંધ કરીને મોક્ષે ન જાય તો અવશ્યપણે મિથ્યાત્વે જઈને એકેંદ્રિયપ્રાયોગ્ય અને વિકલેંદ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે. અલબત્ત આવા સ્પષ્ટ અક્ષરો ત્યાં નથી લખ્યા. પણ ત્યાં કરેલી પ્રરૂપણાનો અર્થ તો આવો જ થાય છે. કેમ કે જો એવું ન માનીએ તો બે વાર વિજય વગેરે ચારે અનુત્તર દેવલોકમાં જઈ આવેલા જીવને ફરીથી તે ૭ પ્રકૃતિઓનો બંધ થવાની સંભાવના જ ન હોવાથી ૧૬૩ સાગરોપમનો અબંધકાળ જ ન દેખાડી શકાય. આ મત સ્પષ્ટપણે विजयादिषु द्विचरमाः એ વાત સાથે બંધબેસતો નથી થતો.

આ સંબંધે *રમ્યરેણુ* લિખિત પંચમ કર્મગ્રંથ વિવેચનના પૃષ્ઠ – ૫૦૨ પર આચાર્યશ્રી *અભયશેખરસૂરિજી* મહારાજે ટિપ્પણમાં નોંધ્યું છે કે 'વિજયાદિમાં ગયેલો પણ અનેક ભવો કરે છે એવો એક મત છે.' અંતિમ પંક્તિ આ રીતે લખીને કૌંસમાં લખ્યું છે કે – '(છતાં આ બધા ભવો મનુષ્યના અને દેવના જ હોય.)'

*લોકપ્રકાશ* માં આ સંદર્ભે જણાવાયું છે કે 'સર્વાર્થસિદ્ધમાંથી જીવ નિયમા એક જ ભવમાં સિદ્ધ થાય છે. જ્યારે વિજયાદિ વિમાનમાંથી સંખ્યાતા ભવો પણ થાય છે. વિજયાદિ વિમાનવાસી દેવો ૨૪ થી વધારે ભવો ન કરે એવો વૃદ્ધવાદ છે.'

વિદ્વાન મુનિવરોને વિનંતિ કે આ સંબંધે વિશેષ પ્રમાણો રજૂ કરીને જિજ્ઞાસાની પૂર્તિ કરે.

**- મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## વિશેષાવશ્યક મહાભાષ્યની કેટલીક રસપ્રદ વાતો

→ મતિ, મેધા અને ધારણા – આ ત્રણેને આપણે ક્યારેક સમાનાર્થક શબ્દો સમજી લેતાં હોઈએ છીએ. પણ અત્રે આ ત્રણ વચ્ચેનો ભેદ બહુ સરસ રીતે સ્પષ્ટ કરી આપવામાં આવ્યો છે –

मतिरवबोधशक्तिः, मेधा पाठशक्तिः, धारणाऽवधारणशक्तिः ।

અર્થાત્ સમજવાની શક્તિ મતિ તરીકે ઓળખાય છે, મેધા ગોખવાની શક્તિનું બીજું નામ છે, જ્યારે સમજીને પાકું કર્યા પછી યાદ રાખવાની શક્તિ ધારણા કહેવાય છે.

→ निश्चयतो दुर्ज्ञानं को भावे कस्मिन् वर्तते श्रमणः ।
व्यवहारतश्च युज्यते यः पूर्वस्थितश्चारित्रे ।।

મતલબ કે નિશ્ચયનયથી તો (પરમાર્થથી તો) કયો સાધુ કયા ભાવમાં વર્તે છે તે જાણવું છદ્મસ્થ જીવો માટે મુશ્કેલ છે. પરંતુ વ્યવહારનયથી તો જે વ્યક્તિ ચારિત્ર સ્વીકારે છે તે સાધુ તરીકે ગણવાપાત્ર છે.

→ संव्यवहारोऽपि बली यदशुद्धमपि गृहीतं श्रुतविधिना ।
कोपयति न सर्वज्ञो वन्दते च कदाचिच्छद्मस्थम् ।।

વ્યવહારનયને આશ્રયીને થતો મુનિનો વ્યાપાર પણ બળવાન જ ગણાય છે. કેમ કે શ્રુતજ્ઞાનના આધારે નિર્દોષ જાણીને ગ્રહણ કરવામાં આવેલો આહાર, જો પરમાર્થથી અશુદ્ધ જણાતો હોય તો પણ સર્વજ્ઞ ભગવંતો એનો નિષેધ કરતાં નથી. વળી, કેવલજ્ઞાની ભગવંતો પણ લોકવ્યવહારને આશ્રયીને ક્યારેક છદ્મસ્થોને પણ વંદનાદિ કરે છે. (સમવસરણમાં કેવલજ્ઞાની ભગવંતો છદ્મસ્થ એવા ગણધર ભગવંતોનો પણ વિનય જાળવે છે તે જાણીતી વાત છે.)

**- મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી** (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)

* * *

# *ગણિતાનુયોગ*

## વિહરમાન પરમાત્માનો વિરહ હોય કે કેમ ?

૨૦ વિહરમાન પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ હોય જ – એમ વિચારીએ તો પ્રશ્ન એ થાય કે તો એક સાથે કેટલા તીર્થંકર પ્રભુ જન્મેલા હોવા જોઇએ કે જેથી સદાકાળ વિહરમાન પ્રભુ સંભવી શકે ? કેમ કે મહાવિદેહની દૃષ્ટિએ તીર્થંકર પ્રભુનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હોય, ને ૮૩ લાખ પૂર્વ પૂરાં થાય ત્યારે દીક્ષા લે. દીક્ષા લઈને ૧ હજાર વર્ષે કેવલજ્ઞાન/ભાવતીર્થંકરપણું પ્રાપ્ત કરે. અને લગભગ ૧ લાખ વર્ષ પૂરાં થાય ત્યારે મોક્ષે પધારે. આ સર્વસામાન્ય નિયમ છે.

જ્યારે ૨૦ વિહરમાન પરમાત્મા મોક્ષે પધારે ત્યારે બીજા તીર્થંકર પ્રભુને ૮૩ લાખ પૂર્વ પૂરાં થઈને કેવલજ્ઞાન થવું જ જોઇએ. એવી રીતે ૮૨ લાખ પૂર્વ, ૮૧ લાખ પૂર્વ, ૮૦ લાખ પૂર્વ – એમ કરતાં ૧ લાખ પૂર્વ કે તાજા જન્મેલા

તીર્થંકર પ્રભુ એક સાથે ૨૦-૨૦ ની સંખ્યામાં હોવા જ જોઈએ. આવી રીતે ગણતાં ૮૪ × ૨૦ = ૧૬૮૦ એટલે કે ૧૬૮૦ તીર્થંકર પ્રભુની એક સાથે (આજે પણ) હયાતી હોય.

પરંતુ વિહરમાન પરમાત્મા ૨૦ ને બદલે ૧૦ જ હોય તો ? કેમ કે, શ્રીશુભવીર રચિત શ્રીસીમંધરસ્વામીની થોયમાં જઘન્યથી વિહરમાન પરમાત્માનો આંકડો ૧૦ જણાવાયો છે –

"બત્રીશ ચઉસટ્ઠી મણિયા, ઈગસય સટ્ઠી ઉક્કિઠાજી, ચઉ અડ અડ મળી મધ્યકાળે, વીર જિનેસર બીઠાજી;

દો ચઉ ચાર જઘન દશ જંબૂ, ધાયઈ પુક્ખર મોઝારજી, પૂજો પ્રણમો આચારાંગે, પ્રવચનસારોદ્ધારજી."

એટલે કે *શ્રીઆચારાંગસૂત્ર* અને *પ્રવચનસારોદ્ધાર* ની સાક્ષીએ જઘન્યથી જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધમાં ૨, ૪, ૪ મળીને કુલ ૧૦ પરમાત્મા હોય.

*પ્રવચનસારોદ્ધાર* નો મૂળ પાઠ આ પ્રમાણે છે –

अन्ये तु सूरयो दशैव जघन्यतो विहरन्तीति मन्यन्ते, पञ्चानां महाविदेहानां पूर्वापरविदेहयोः प्रत्येकमेकैकस्य विहरतः सद्भावेन दशानामेव तीर्थकृतां प्राप्यमाणत्वात् ।।

આ કથન પ્રમાણે વિહરમાન પરમાત્મા મહાવિદેહમાં સદાકાળ જઘન્યથી ૧૦ પણ હોઈ શકે છે. તો દશની ગણત્રી પ્રમાણે એક સાથે ૮૪૦ હોવા જોઈએ.

વળી, કેટલાક પૂજ્યોનું એવું માનવું છે કે વિહરમાન પરમાત્મા હોય તો ઓછામાં ઓછા ૧૦ જ હોય. પરંતુ ક્યારેક ન પણ હોય અથવા ૧૦ થી ઓછા ૫ વગેરે ન જ હોય.

આ બાબતે પૂજ્ય શ્રીપૂર્ણાનંદસૂરીશ્વરજી મ. ને પંડિત શિવલાલ પાસેથી એવી જાણકારી મળી છે કે પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીના પ્રવચનના પુસ્તકમાં તથા પૂજ્ય શ્રીયશોદેવસૂરિજી મ. ના પુસ્તકના ટિપ્પણમાં વિહરમાન પરમાત્માનો વિરહ સંભવી શકે તે મતલબની વાત ટંકેલી છે.

વળી, જન્મકલ્યાણક પામેલા બે જિનેશ્વર, દ્રવ્ય કે ભાવ – ગમે તે, સાથે એક ક્ષેત્રમાં હોય તેવું સિદ્ધાંત કે શાસ્ત્રદૃષ્ટિએ પણ સંભવિત નથી લાગતું. આ સંબંધે *હીરપ્રશ્ન* માં સ્પષ્ટ પાઠ પણ છે –

महाविदेहविजयेषु विचरत्सु केवलिजिनेष्वन्यजिनानां जन्मादि स्यात् ? किं वा तन्मोक्षगमनान्तरम् ? इति प्रश्नेऽत्रोत्तरम् - महाविदेहविजयेषु विचरत्सु केवलिषु जिनेषु छद्मस्थेषु वाऽन्येषां जिनानां जन्मादि न स्यादिति ।। (પ્રશ્ન - ૭૪)

આનો ગુજરાતી અનુવાદ –

પ્રશ્ન - મહાવિદેહની વિજયોમાં કેવલી તીર્થંકર પ્રભુ જ્યારે વિચરતા હોય ત્યારે અન્ય તીર્થંકર પ્રભુનો જન્મ થાય કે એ તીર્થંકર પ્રભુના મોક્ષે ગયા પછી થાય ? ઉત્તર – મહાવિદેહની વિજયોમાં વિચરતા એવા કેવલી અથવા છદ્મસ્થ તીર્થંકર પ્રભુ હોય ત્યારે એમની હયાતીમાં અન્ય તીર્થંકર પ્રભુના જન્મ વગેરે ન થાય.

આ કથનના આધારે સ્પષ્ટ થાય છે કે શ્રીઅજિતનાથ પ્રભુના સમયમાં ૧૭૦ તીર્થંકર પ્રભુની હયાતીમાં મહાવિદેહની ૧૬૦ વિજયોમાં વિહરમાન ૧૬૦ પરમાત્મા સિવાય ૮૪ લાખ પૂર્વ સુધી જન્મેલા કોઈપણ તીર્થંકર પ્રભુ નહોતા જ.

આનો અર્થ એવો કરી શકાય કે કેવલજ્ઞાની વિહરમાન પરમાત્મા સદાકાળ ન હોય તો પણ જ્યાં કેવલજ્ઞાની તીર્થંકર પ્રભુ વિચરી રહ્યા હોય તે સિવાયની વિજયોમાં જન્મ પામેલા દ્રવ્ય તીર્થંકર પ્રભુ તો સદાકાળ હોય જ. અને તેની અપેક્ષાએ મહાવિદેહમાં ક્યારેય તીર્થંકર પ્રભુનો વિરહ હોતો નથી તે કથન વાસ્તવિક બને.

વળી, એવું પણ સાંભળ્યું છે કે મહાવિદેહમાં વિહરમાન પરમાત્મા વગરનો કાળ સંભવે છે, પણ કેવલજ્ઞાની વગરનો કાળ ક્યારેય સંભવતો નથી. અંતે, तत्त्वं तु केवलिगम्यम् ।

**- મુનિ શ્રીશૌર્યચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

# चरणकरणानुयोग

## ગ્લાન મુનિની પ્રતિસેવના ક્યાં સુધી ?

*પ્રવચનસારોદ્ધાર* ગ્રંથમાં *વ્યવહારભાષ્ય* ના આધારે આ અંગે સુંદર માર્ગદર્શન અપાયું છે –

प्रथमत आचार्यः षड् मासान् यावच्चिकित्सां ग्लानस्य कारयति । तथाऽप्यप्रगुणीभूतं तं कुलस्य समर्पयति । ततः कुलं त्रीन् संवत्सरान् यावच्चिकित्सकं भवति । तथाऽप्यप्रगुणीभूते कुलं गणस्य तं समर्पयति । तदनन्तरं संवत्सरं यावद् गणः खलु चिकित्सां कारयति । तथाऽप्यनिवर्तितरोगे तं गणः सङ्घस्य समर्पयति । ततः सङ्घो यावज्जीवं प्रासुकप्रत्यवतारेण, तदभावे चाऽप्रासुकेनाऽपि यावज्जीवं चिकित्सको भवति । एतच्चोक्तं भक्तविवेकं कर्तुमशक्नुवतः । यः पुनर्भक्तविवेकं कर्तुं शक्नोति, तेन प्रथमतोऽष्टादश मासान् चिकित्सां कारयित्वा, विरतिसहितस्य जीवितस्य पुनः संसारे दुष्प्रापत्वात्, तदनन्तरं चेत् प्रगुणीभवति ततः सुन्दरम्, अथ न भवति तर्हि भक्तविवेकः कर्तव्यः ।।

આનો સામાન્ય અર્થ –

સહુ પ્રથમ તે તે આચાર્ય ભગવંત છ મહિના સુધી ગ્લાનની સેવા કરાવે. તે છતાં નિરોગી ન થાય તો આચાર્ય તે શ્રમણ કુલને સમર્પિત કરે. કુલ એ સાધુની ત્રણ વર્ષ સુધી ચિકિત્સા કરાવે. તો પણ ફેર ન પડે તો ગણને એ શિષ્ય સમર્પિત થાય અને ગણ એની એક વર્ષ સેવા કરે. તો પણ જો નિરોગી ન થાય તો છેલ્લે સંઘ એ સાધુને સંભાળે. અને યાવજ્જીવ એ સાધુનું વૈયાવૃત્ત્ય કરાવે. આ વૈયાવૃત્ત્ય પ્રાસુક દ્રવ્યોથી જ હોય. પણ અપવાદ માર્ગે સંઘ અપ્રાસુક દ્રવ્યોથી પણ ચિકિત્સા કરાવી શકે છે. આ બધી વાતો જે સાધુ અનશન કરી શકવા સમર્થ નથી હોતો તેની અપેક્ષાએ જ સમજવાની છે. અનશન કરી શકવા સમર્થ સાધુ તો શરૂઆતમાં ૧૮ મહિના સુધી ચિકિત્સા કરાવે. પણ જો સ્વસ્થતા ન મળે તો અનશનનો સ્વીકાર કરે. ગ્લાન મુનિની ચિકિત્સા એટલે આવશ્યક છે કે આ સંસારમાં વિરતિ મળવી બહુ દુર્લભ છે. તેથી થોડાક અપવાદના સેવનથી પણ જો વિરતિસહિતનું જીવન ટકી જતું હોય તો તે ઈચ્છવા યોગ્ય જ છે.

**- મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## છ પુરિમાના વર્ણનમાં વિભિન્નતા

*સ્થાનાંગ* – સૂત્ર-૫૦૩ ની વૃત્તિમાં છપ્પુરિમાનું વર્ણન આપ્યું છે. તેમાં જણાવેલ છે કે વસ્ત્રને ખોલ્યા બાદ તેને જોવું. ત્યારબાદ તેના અર્વાગ્ભાગને ફેરવીને જોઈને ત્રણ પુરિમ કરવા. ત્યારબાદ પાછું તે વસ્ત્રને ફેરવીને જોઈને ત્રણ પુરિમ કરવા. મૂળપાઠ –

तत्र वस्त्रे प्रसारिते सति चक्षुषा निरूप्य तदर्वाग्भागं परावर्त्य निरूप्य च त्रयः पुरिमाः कर्तव्याः, प्रस्फोटका इत्यर्थः । तथा तत् परावर्त्य चक्षुषा निरूप्य च पुनरपरे त्रयः पुरिमा एवमेते षट्... ।

જ્યારે *ઓઘનિર્યુક્તિ* – ગાથા-૨૬૬ ની વૃત્તિમાં જણાવેલ છે કે વસ્ત્રના અર્વાગ્ભાગને જોઈને ત્રણ પુરિમ કરવા. ત્યારબાદ તે વસ્ત્રને ફેરવીને અને જોઈને બીજા ત્રણ પુરિમ કરવા. આ પ્રમાણે ૬ પુરિમ કરવા. મૂળપાઠ –

तत्र वस्त्रं निरूप्य- अर्वाग्भागं निरूप्य त्रयः पुरिमाः कर्तव्याः, तथा परावर्त्य अपरभागं निरूप्य पुनरपरेऽपि त्रयः पुरिमाः कर्तव्याः । एवमेते षट् पुरिमाः, षड्वाराः प्रस्फोटनानीत्यर्थः ।

વર્તમાનમાં લગભગ *સ્થાનાંગસૂત્ર* ની વૃત્તિમાં દર્શાવેલ વિધિ પ્રમાણે જ કરવામાં આવે છે.

**- મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

* * *

# સાંવત્સરિક પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગ ૧૬૦ નવકારનો હોય કે ૧૬૧ નવકારનો ?

સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ અને ઉપર એક નવકારનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. અને લોગસ્સ ન આવડે તો ૧૬૧ નવકારનો કાઉસ્સગ્ગ પરંપરાથી કરાવાય છે. હમણાં કેટલેક ઠેકાણે ૧૬૦ નવકારનો કાઉસ્સગ્ગ કરાવાતો હોવાનું જાણવા મળ્યું. આ સંબંધે પૃચ્છા કરતાં એવો જવાબ મળ્યો કે એક લોગસ્સ (ચંદેસુ નિમ્મલયરા સુધી)ના શ્વાસોચ્છ્વાસ ૨૫ છે, જ્યારે ૪ નવકારના શ્વાસોચ્છ્વાસ ૩૨ થાય છે. એટલે એક નવકાર ઉપરથી ન ગણાવીએ તો પણ નવકારના શ્વાસોચ્છ્વાસ ઘણા વધારે હોવાથી તે એક નવકારનો સમાવેશ ૧૬૦ નવકારમાં આપોઆપ થઈ જતો હોવાથી કોઈ વાંધો આવતો નથી. માટે શ્વાસોચ્છ્વાસની ગણતરીએ ૧૬૦ નવકાર જ ગણાવવા જોઈએ. આ સંબંધે થોડીક ચર્ચા જરૂરી લાગે છે.

વાસ્તવમાં જે વ્યક્તિને લોગસ્સ ન આવડતો હોય અને એટલે એને લોગસ્સના બદલે નવકાર ગણાવાય તો ત્યાં ખરેખર તો શ્વાસોચ્છ્વાસની ગણતરી કરવાની જ નથી હોતી, પણ એક લોગસ્સ એટલે ૪ નવકાર – એવા સ્થૂલ માપે જ કાઉસ્સગ્ગ કરાવવાનો હોય છે. અન્યથા પક્ખી પ્રતિક્રમણમાં ૩૦૦ શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગમાં ૧ નવકારના ૮ શ્વાસોચ્છ્વાસના માપે ૩૮ નવકાર, ચઉમાસી પ્રતિક્રમણમાં ૫૦૦ શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગમાં ૬૩ નવકાર અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગમાં માત્ર ૧૨૬ નવકાર જ ગણાવવાના થાય. પણ આવો કાયોત્સર્ગ ક્યાંય કર્યો-કરાવાયો હોવાનું હજુ સુધી જાણવા નથી મળ્યું. એટલે સમજાય છે કે કાઉસ્સગ્ગમાં ૧ લોગસ્સ બરાબર ૪ નવકાર – એવા સ્થૂલ માપે જ કાઉસ્સગ્ગ કરવાનો-કરાવવાનો હોય છે. અને એ રીતે જોઈએ તો ૪૦ લોગસ્સના ૧૬૦ નવકાર અને ઉપરનો એક નવકાર એમ ગણીને ૧૬૧ નવકારનો જ કાઉસ્સગ્ગ કરવો-કરાવવો જોઈએ.

ખરેખર તો સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ ઉપર જે એક નવકાર ગણવાનો હોય છે એ મંગલ માટે જ છે, મૂળ કાઉસ્સગ્ગનો એ અંશ નથી, આટલી વાત જો ધ્યાનમાં લઈએ તો આ મૂંઝવણ તદ્દન ટળી જાય તેમ છે. આ નવકાર મંગલ માટે જ ગણવાનો હોય છે તે અંગે તપગચ્છપતિ *શ્રીસોમપ્રભસૂરિજી* રચિત *યતિજીતકલ્પ* ની *શ્રીસાધુરત્ન-સૂરિજી* વિરચિત વૃત્તિ (રચના વિ. સં. ૧૪૫૬) માં આમ જણાવાયું છે –

वार्षिकप्रतिक्रमणकायोत्सर्गे च चत्वारिंशच्चतुर्विंशतिस्तवाश्चिन्त्यते, ततश्चत्वारिंशद्गुणाः पञ्च-विंशतिः सहस्रमुच्छवासानां भवति । तस्योपरि च बहुः कालो निर्विघ्नो गत इति मङ्गलार्थमष्टोच्छवासमानः पञ्चपरमेष्ठिनमस्कारश्चिन्त्यते, ततोऽष्टोत्तरसहस्रं भवति ।। (ગાથા – ૨૧ વૃત્તિ)

આ ઉપરાંત *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* પ્રણીત પ્રાચીન *જીતકલ્પ* ની ઉપલબ્ધ જૂનામાં જૂની વ્યાખ્યારૂપ *શ્રીસિદ્ધસેનસૂરિજી* રચિત *બૃહચ્ચૂર્ણિ* માં પણ સ્પષ્ટપણે ૪૦ લોગસ્સ ઉપરનો ૧ નવકાર મંગલ માટે જ ગણવાનું જણાવાયું છે –

"वारिसियपडिक्कमणे चत्तालीसाए उज्जोएहिं पणुवीसा गुणिया सहस्समुस्सासाणं होइ । अन्ने अट्ठ ऊसासा नमोक्कारे कज्जन्ति । तओ अट्ठुत्तरं सहस्सं होइ । सो य नमोक्कारो संवच्छरिए बहुओ कालो निविग्घेणं गओ त्ति चिन्तिज्जइ मंगलत्थं पज्जन्ते ।।" (ગાથા – ૨૧ ચૂર્ણિ)

આમ જણાય છે કે સાંવત્સરિક પ્રતિક્રમણમાં મૂળ કાઉસ્સગ્ગ તો ૧૦૦૦ શ્વાસોચ્છ્વાસનો એટલે કે ૪૦ લોગસ્સનો જ છે. પણ તે ઉપર ઘણો કાળ નિર્વિઘ્ને પસાર થયો એટલે મંગલ માટે ૧ નવકાર ગણાય છે. હવે જો ૧૬૦ નવકાર ગણીને જ અટકી જવામાં આવે તો આ મંગલનો નવકાર જ ગણવાનો બાકી રહી જાય છે. તો આને મોટી અવિધિ ન કહેવાય ? તેથી લોગસ્સ ન આવડે તેવી વ્યક્તિને ૧૬૧ નવકારનો જ કાઉસ્સગ્ગ કરાવવો ઉચિત જણાય છે. જો કે આ બાબતમાં વડીલો જ વધુ પ્રકાશ પાથરી શકે. – **ત્રૈ.**

* * *

# પરંપરાને પણ એક શાસ્ત્ર લેખે નહીં સમજનારા લોકોએ ધ્યાનમાં લેવા જેવી વાત

ઉપાધ્યાય *શ્રીધર્મસાગરજી* મહારાજે રચેલા *પ્રવચનપરીક્ષા* નામના ગ્રંથના પાંચમા વિશ્રામમાં સ્તનિકમત (અંચલમત) અંગેની ચર્ચામાં આ પ્રમાણે જણાવાયું છે –

सुत्तं गणहररइयं १ तहेव पत्तेअबुद्धरइअं २ च । सुअकेवलिणा रइअं ३ अभिन्नदसपुव्विणा रइअं ४ ।।

કેટલાક લોકો આ ગાથાના આધારે વૃત્તિ, પ્રકરણ, ચરિત્રગ્રંથ વગેરેનો માન્યશાસ્ત્રના રૂપમાં સ્વીકાર કરતાં નથી. પણ સ્વયં આ આધારભૂત ગાથા જ *બૃહત્સંગ્રહણીપ્રકરણ* ની છે. તે સિવાય આ ગાથા સિદ્ધાંતમાં ક્યાંય બતાવી નથી. એટલે ખરેખર તો એ લોકો આ ગાથાનો આધાર આપે તો તેનાથી જ પૂર્વાચાર્યો રચિત વૃત્તિ, પ્રકરણ, ચરિત્રગ્રંથો વગેરેને પણ શાસ્ત્રરૂપમાં માનવાની આપત્તિ આવે જ છે.

આ વાત સમજાવ્યા પછી તે લોકોના વધુ સમાધાન માટે ઉપાધ્યાય *શ્રીધર્મસાગરજી* મહારાજે સિદ્ધાંતમાં ક્યાંય બતાવવામાં ન આવી હોવા છતાં આજે સકલ શ્રીસંઘને માન્ય એવી કેટલીક બાબતો નોંધી છે –

चैत्यवन्दनकायोत्सर्गेऽष्टोच्छ्वासमानं *ललितविस्तरा*वृत्तौ *श्रीहरिभद्रसूरि*भिरेवोक्तं, न पुनः क्वाऽपि तदभिमतसिद्धान्ते १ श्राद्धानामालोचनायां प्रायश्चित्तदानविधिः प्रकरणेष्वेवोक्तः २ श्राद्धानामीर्यापथिकादिसूत्रपठनं साधुसदृशं न सिद्धान्तोक्तं ३ श्राद्धानां वन्दनके द्वादशावर्तविधिर्न सिद्धान्तोक्तः, "किइकम्मकरो हवइ साहु"त्ति वचनात् ४ पौषधग्रहणविधि पारणकविधिश्च नाऽगमोक्तः ५ तथा पौषधोच्चारदण्डकविधि-ग्रन्थिकसामायिकविधिश्च न सिद्धान्तोक्तः ६ सामायिकदण्डकोऽपि चूर्ण्याद्युक्तोऽपि "दुविहं तिविहेणं" इत्येवाऽस्ति, न पुनर्मणेणमित्यादिव्यक्तिः ७ साधुसाध्वीनां मुखपोतिकाप्रतिलेखनविधिर्भिन्नः क्वाऽप्युक्तो नाऽस्ति ८ योगविधिराचार्यपदवाचकपदप्रतिष्ठाविधिः सूरिमन्त्रसाधनविधिश्चेति न सिद्धान्तोक्तः ९ श्राद्धादिसमक्षं पर्युषणकल्पकर्षण-लौकिकटिप्पणकोपरिदीक्षादान-पर्युषणादिकरणं चेत्यादिकं तीर्थाभिमतमेव क्रियते, न पुनः सिद्धान्तोक्तं १० तथा प्रतिक्रमणसूत्र-पुक्खरवरदी-सिद्धाणं बुद्धाणं-तृतीयादिसामायिक-पर्वान्यदिनपौषध-सिद्धान्तवृत्ति-तीर्थकरादिचरित्र-*श्रीहरिभद्रसूरि*प्रभुरचितप्रकरण-श्रीहरिभद्रसूरिप्रमुख-गीतार्थ-यतिप्रतिष्ठा-आरात्रिक-कुसुमाञ्जलि-जिनाग्रप्रदीप-चतुर्विंशतिजिनपट्टक-नवग्रहसंयुक्तजिनप्रतिमा-पञ्चकल्याणीप्रतिमा-क्षामणकदण्डकादीनां तीर्थाभिमतानामपि सिद्धान्तानुक्तत्वेन हेतुना परित्यागवचनानि त्वपरिमितानि लिखितुमशक्यानि स्वधिया बोध्यानि ।

આનો ભાવાનુવાદ –

૧. ચૈત્યવંદનમાં ૧ નવકારનો કાઉસ્સગ્ગ ૨. શ્રાવકોની આલોચનામાં પ્રાયશ્ચિત્ત આપવાની વિધિ ૩. સાધુ જેવું શ્રાવકોનું ઇરિયાવહિયં સૂત્ર ૪. શ્રાવકોને વંદનમાં દ્વાદશાવર્તવિધિ ૫. પૌષધ લેવાની અને પારવાની વિધિ ૬. પૌષધદંડક અને ગ્રંથિકસામાયિકવિધિ(?) ૭. સામાયિકદંડકમાં मणेण વગેરે પાઠ ૮.સાધુસાધ્વીના મુહપત્તિપડિલેહણની અલગ-અલગ વિધિ ૯. યોગવિધિ, આચાર્યપદ, ઉપાધ્યાયપદ, પ્રતિષ્ઠાવિધિ, સૂરિમંત્રસાધનાવિધિ ૧૦. શ્રાવકો સામે પર્યુષણાકલ્પનું વાંચન, લૌકિકપંચાંગના આધારે દીક્ષાપ્રદાન, પર્યુષણ વગેરે ૧૧. પ્રતિક્રમણસૂત્ર(વંદિત્તુ?), પુક્ખરવરદી સૂત્ર, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર, ત્રીજી વગેરે સામાયિક (?), પર્વ સિવાયના દિવસે પૌષધ, આગમોની વૃત્તિઓ, તીર્થંકર ભગવંતોનાં ચરિત્રો, *શ્રીહરિભદ્રસૂરિજી*ના બનાવેલા ગ્રંથો, *શ્રીહરિભદ્રસૂરિજી* વગેરેની ગીતાર્થતા, સાધુ દ્વારા પ્રતિષ્ઠા, આરતિ, કુસુમાંજલિ, મંગલદીવો, ચોવીસ જિનનો પટ્ટ, નવગ્રહથી યુક્ત પ્રભુની પ્રતિમા, પાંચ કલ્યાણકવાળી પ્રતિમા, ખામણાનો પાઠ જેવી અનેક અનેક બાબતો આગમોમાં સાક્ષાત્ ક્યાંય દેખાડવામાં ન આવી હોવા છતાં શાસનને સમ્મત છે.

**- મુનિ શ્રીમુક્તિતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

* * *

# *धर्मकथानुयोग*

## तीर्थंकर-चरित्रों के विषय में *आवश्यकसूत्र* की वृत्तियों की विभिन्न अर्थपरंपराएँ

*आवश्यकसूत्र* की दो टीकाएँ प्रसिद्ध है – *मलयगिरीय* और *हरिभद्रीय*। *श्रीहरिभद्रसूरि* की टीका में कठिन पदों पर *मलधारी श्रीहेमचंद्रसूरिजी* ने टिप्पणक रचा है । तथा एक *आवश्यकचूर्णि*, जो कि *श्रीजिनदासगणि महत्तर* की कही जाती है, वह भी महत्त्वपूर्ण है ।

इन टीकाओं में कई जगह ऐसी है जहाँ *श्रीमलयगिरिसूरिजी* का मत अन्य मत से भिन्न है, कहीँ *चूर्णिकार* का मत अन्य से भिन्न है, तो कहीँ *श्रीहरिभद्रसूरिजी* अन्यों से अलग होते हैं । कुछ मत ऐसे भी हैं जो तीनों विवरणों में अलग हैं ।

कुछ-कुछ विषयों में लगता है कि वह संभवतः प्रतिलिपिकार या प्रकाशन की भूल हो सकती है, किन्तु कुछ विषयों में स्पष्ट है कि उन वृत्तिकारों को ऐसा विधान कहीं प्राप्त हुआ होगा या उनकी अर्थपरंपरा अलग होगी ।

**सर्वप्रथम ऐसे स्थान देखते हैं कि जिनमें *श्रीमलयगिरि* महाराज अन्य वृत्तिकारों से अलग हैं –**

१. कुलकरों के काल में ३ दण्डनीति थी – हकार, मकार और धिक्कार । उसके बाद चार दण्डनीतियाँ प्रवर्ती । *श्रीहरिभद्रसूरिजी* और *चूर्णिकार* के अनुसार चारों दण्डनीति भरत चक्री के माणवक निधि में से निकली । जब कि *श्रीमलयगिरि* महाराज के अनुसार प्रथम दो दण्डनीति – परिभाषणा और मंडलीबंध, ऋषभदेव प्रभु ने प्रवर्ताई । शेष दो चारक और छविच्छेद दण्डनीति भरत चक्री के माणवक निधि में से प्रवर्ती । तीनों वृत्तिकारों ने अपनी-अपनी वृत्तिओं में अन्य मत का उल्लेख किया है । देखें *आवश्यकनिर्युक्ति* मूल भाष्य गाथा ३ की वृत्तियाँ ।

२. ऋषभदेव प्रभु के च्यवन-कल्याणक के वर्णन में *श्रीमलयगिरि* महाराज लिखते हैं कि – "इमीसे उस्सप्पिणीए सुसमसुसमाए वइक्कंताए..." वास्तव में यहाँ 'ओसप्पिणीए' होना चाहिए । इसी जगह अन्य वृत्तिओं में 'ओसप्पिणीए' पाठ ही है ।

३. महावीर प्रभु के च्यवन-कल्याणक के वर्णन में *श्रीमलयगिरि* महाराज लिखते हैं कि – "ब्राह्मण-कुण्डग्रामे नगरे सोमिलस्य ब्राह्मणस्य देवानन्दायाः पत्न्याः कुक्षौ समुत्पन्नः... (*आवश्यकनिर्युक्ति* - गाथा-४५०)" आगे *आवश्यकनिर्युक्ति* - गाथा-४५७ की वृत्ति में भी सोमिलब्राह्मण का नाम ही लिखा है । जब कि उसी *आवश्यकनिर्युक्ति* - गाथा-४७ की वृत्ति में उन्होंने "सा पासित्ता पडिबुद्धा हट्ठातुट्ठा उसभदत्तस्स माहणस्स कहेइ" इस तरह लिखा हैं । इसका समाधान क्या हो सकता है ? अन्य वृत्तियों में स्पष्टतः 'ऋषभदत्त' का ही नाम लिखा हुआ देखा जाता है ।

४. भरत महाराज को केवलज्ञान होने के बाद कौन उन्हें वेष देता है इस विषय में तीनों वृत्तियों में भिन्न-भिन्न प्ररूपणा है –

"संनिहिताए वाणमंतरीए देवताए लिंगग्गहणं ।।" (*आवश्यकनिर्युक्ति* – गाथा-५३६ *चूर्णि*)

"देवयाए रओहरणपडिग्गहादि उवकरणमुवणीयं ।।" (*आवश्यकनिर्युक्ति* गाथा-५३६ *हारिभद्रीय* वृत्ति)

"देवरायाए रओहरणपडिग्गहादि उवकरणमुवणीयं ।।" (*आवश्यकनिर्युक्ति* गाथा-५३६ *श्रीमलयगिरीय* वृत्ति)

यहाँ *चूर्णि* और *हारिभद्रीय* वृत्ति का अर्थ मिलता-जुलता है। किन्तु *श्रीमलयगिरि* महाराज अर्थ में बिलकुल अलग होते हैं। लेकिन पाठ में मात्र एक ही अक्षर का अन्तर है - 'देवयाए' और 'देवरायाए'। क्या यहाँ कोई प्रतिलिपिकार या प्रकाशन की भूल हो सकती है ?

५. संगम देव के उपसर्ग पूर्ण होने के बाद भगवान् गोकुल में गए। गोकुल में उसके एक दिन पहले उत्सव होने के कारण उस दिन एक वृद्ध वत्सपालिका को मांगने पर भी दूध नहीं मिला था। अतः दूसरे दिन उसने लोगों से दूध माँगकर स्वयं के लिए खीर बनाई थी। उस खीर से उसने प्रभु को पारणा कराया। यहाँ अन्य आचार्य ऐसा कहते हैं कि पर्युषित खीर से उसने प्रभु को प्रतिलाभित किया – यह *श्रीमलयगिरि* महाराज की प्ररूपणा है। लेकिन इसके अतिरिक्त शेष सभी वृत्तिओं में यहाँ के अन्य मत को मुख्य मत बताया गया है तथा *श्रीमलयगिरि* महाराज के मुख्य मत को अन्य मत के रूप में प्रस्तुत किया गया है।

६. *श्रीमलयगिरि* महाराज *आवश्यकनिर्युक्ति* गाथा-५२१ की वृत्ति में लिखते हैं कि "ततो सामी चंपं नयरिं गओ, तत्थ सोमदत्तमाहणस्स अग्गिहोत्तसालाए वसहिं उवगओ... भगवानाह – साइदत्ता! दुविहं पदेसणगं..." यहाँ *श्रीमलयगिरि* महाराज ने शुरूआत में सिर्फ एकबार 'सोमदत्त' नाम लिखा है। फिर सभी जगह 'साइदत्त' पाठ है। अन्य सभी वृत्तिओं में और मूलनिर्युक्ति गाथा में भी 'साइदत्त' पाठ है। तो मात्र एक जगह सोमदत्त का नाम क्यों लिखा गया इसका कारण पता नहीं चलता।

**अब कुछ स्थान ऐसे हैं जिसमें *श्रीहरिभद्रसूरिजी* अन्य वृत्तिकारों से भिन्न हैं –**

१. भगवान् कुमारक संनिवेश पधारे। उसी संनिवेश में पार्श्वनाथ के संतानीय श्रीमुनिचंद्रसूरिजी नाम के आचार्य भगवंत विद्यमान होते हैं, जिनका कालधर्म रात को उपसर्ग सहते हुए होता है। *श्रीहरिभद्रसूरिजी* के मत में उन आचार्य को अवधिज्ञान उत्पन्न हुआ और वे देवलोक गए। किन्तु *श्रीमलयगिरि* महाराज और *चूर्णिकार* के मत से तो उन्हें केवलज्ञान उत्पन्न हुआ और वे निर्वाण को प्राप्त हुए। इस विषय में देखे *आवश्यकनिर्युक्ति* - गाथा-४७७ की वृत्तियाँ।

२. संगम देव जब भगवान् को प्रतिकूल उपसर्ग करते-करते थक जाता है तब अनुकूल उपसर्ग करता है। वह प्रभात की विकुर्वणा करता है, लोग प्रभु को कहते हैं कि "हे देवार्य ! अब प्रभात हो गया। अभी तक यहाँ क्यों खडे हो ?"। लेकिन तब भी प्रभु चलित नहीं हुए। ऐसा बताने के बाद *श्रीहरिभद्रसूरिजी* बताते हैं कि इस जगह कितनेक आचार्य इस बीसवें उपसर्ग की प्ररूपणा इस तरह करते हैं कि – संगम प्रभु को कहता हैं कि "हे भगवन् ! मैं आपके उपर प्रसन्न हूँ। बोलो क्या चाहिए ? आपको शरीर के साथ स्वर्ग या मोक्ष में ले जाऊँ ? अथवा तीनों लोक को आपके चरणों में लाऊँ ?" किन्तु भगवान् चलित नहीं हुए। देखें *आवश्यक-निर्युक्ति* - गाथा-५०४-५०५ की *हारिभद्रीय* वृत्ति।

अब *श्रीमलयगिरि* महाराज ने ये दोनों मत को मुख्य गिना है और मतांतर के रूप में दिखाया है कि वह दिव्य देवऋद्धि दिखाता है, मनोहर छ ऋतु दिखाता है, ३२ प्रकार की नाट्यविधि का प्रदर्शन करता है, मोहोत्पादक स्त्रीभाव दिखाता है इत्यादि।

*चूर्णि* में *श्रीहरिभद्रसूरिजी* ने जिस मत का परमत के रूप में उल्लेख किया है सिर्फ उसीका जिक्र है, उसके अलावा किसी भी मत का कोई उल्लेख नहीं।

२. *हारिभद्रीय* वृत्ति में यद्यपि *आवश्यकनिर्युक्ति* - गाथा-५०६ के रूप में "उवहयमइ... छज्जीवहियमेव ।।" इस गाथा का ग्रहण किया गया है। लेकिन इस गाथा की व्याख्या *श्रीहरिभद्रसूरिजी* ने नहीं की है। *श्रीमलयगिरि* महाराज ने तो अपनी वृत्ति में इस गाथा को स्थान ही नहीं दिया है, जबकि *चूर्णि* में इस गाथा का ग्रहण भी किया गया है और उसकी *चूर्णि* भी की गई है।

**अब जिन विषयों में *चूर्णिकार* ने भिन्न अर्थ किया है, वह हम देखते हैं –**

१. *श्रीमलयगिरि* महाराज का बताना है कि ऋषभदेव ने जिन ४००० पुरुषों के साथ दीक्षा ग्रहण की उनमें कच्छ और महाकच्छ भी थे। जबकि *चूर्णिकार* कहते हैं कि कच्छ-महाकच्छ को राज्य देकर प्रभु ने दीक्षा ली। दोनों वृत्तियों में एक-दूसरे के मत का मतांतर के रूप में उल्लेख है। *श्रीहरिभद्रसूरिजी* ने यहाँ कोई स्पष्टता नहीं की है। उन्होंने सिर्फ ४००० पुरुषों के साथ दीक्षा लेने की बात बताई है। स्वयं आगे जाकर बताते हैं कि ऋषभदेव को केवलज्ञान उत्पन्न होने पर कच्छ-महाकच्छ के सिवाय अन्य सभी तापस प्रभु के पास आकर प्रव्रजित हुए। अब यदि कच्छ-महाकच्छ ने प्रभु के साथ दीक्षा नहीं ली और राज्य किया तो वे तापस कैसे बन गए ? अतः यहाँ कच्छ-महाकच्छ ने प्रभु के साथ ही दीक्षा ली थी यह कथन ही ज्यादा उचित प्रतीत होता है। देखे *आवश्यकनिर्युक्ति* - गाथा-३३९ की वृत्तियाँ।

२. ऋषभदेव के पारणाप्रसंग पर श्रेयांसकुमार उनके साथ जुडे हुए अपने ८ पूर्वभवों का वर्णन करते हैं। इनमें तीसरा भव युगलिक का है। इस भव को *चूर्णि* में वर्तमान भव की अपेक्षा सातवाँ भव गिनाया गया है। जबकि *श्रीमलयगिरि* महाराज ने उसे छट्ठा भव गिना है। वस्तुतः देखने पर यहाँ छट्ठा भव ही उचित प्रतीत होता है।

३. *श्रीहरिभद्रसूरिजी* और *श्रीमलयगिरि* महाराज के कथनानुसार ऋषभदेव प्रभु के निर्वाण के बाद देव तीन चिता बनाते हैं – १. भगवान् की, २. इक्ष्वाकु वंश के साधुओं की, ३. अन्य साधुओं की। देखे *आवश्यकनिर्युक्ति* - गाथा-४३५ की वृत्तियाँ। पर *चूर्णिकार* के मुताबिक दूसरी चिता सिर्फ गणधर भगवंतो की थी। समस्या तो यह है कि आगे जाकर स्वयं *चूर्णिकार* लिखते हैं कि "इक्ष्वाकु वंश के साधुओं की अग्नि शेष साधुओं के कुण्ड में संक्रमित होती है, लेकिन शेष साधुओं के कुण्ड की अग्नि दूसरे कुण्ड में संक्रमित नहीं होती।" अब इक्ष्वाकु वंश के साधुओं की अलग चिता *चूर्णि* के मत से होती ही नहीं तो उसकी अग्नि आएगी कहाँ से ?

४. प्रथम चातुर्मास में अप्रीति होने के कारण भगवान् महावीर मोराक संनिवेश से निकल गए थे। तब निकलने से पूर्व उन्होंने ५ अभिग्रह धारण किये थे। उन ५ अभिग्रहों में चौथा अभिग्रह हमेशा करपात्री बनने का था। अब यहाँ प्रश्न यह होता है कि तीर्थंकर तो वैसे भी सदैव करपात्री ही होते हैं, तो भगवान् के इस अभिग्रह का मतलब क्या निकला ? इसके समाधान में *श्रीमलयगिरि* महाराज लिखते हैं कि भगवान् द्वारा सपात्र धर्म की प्ररूपणा होनेवाली थी, ऐसा सोचकर भगवान् ने प्रथम पारणा गृहस्थ के पात्र में किया था। अब वे वैसा पुनः नहीं करेंगे ऐसी दृष्टि उस अभिग्रह के पीछे मालूम होती है।

इस समाधान को *चूर्णिकार* नहीं स्वीकारते हैं, अतः उन्होंने मतांतर के रूप में इसका उल्लेख किया है। जबकि *श्रीहरिभद्रसूरिजी* ने इस संबंध में कोई स्पष्टता नहीं की है। परंतु इस वृत्ति के टिप्पण में मलधारी श्रीहेमचंद्रसूरिजी ने यह प्रश्न उठाकर समाधान में *चूर्णि* के मतांतर का उल्लेख किया है।

५. आवर्त नाम के गाँव में गोशालक बच्चों को डराता है, जिससे बच्चों के माता-पिता उसे मारते हैं तथा भगवान् को उसका गुरु मानकर मारने आते हैं। भगवान् उस वक्त बलदेव के मंदिर में स्थिर होते हैं। उस बलदेव की प्रतिमा तब देवता के संनिधान से हल लेकर खडी हो जाती है, जिससे लोग भगवान् के पैरों में गिरकर क्षमा माँगते हैं। यह बात *श्रीहरिभद्रसूरिजी* एवं *श्रीमलयगिरि* महाराज ने बताई है (*आवश्यकनिर्युक्ति* – गाथा-४७९)। लेकिन *चूर्णिकार* ऐसा नहीं मानते। वे मात्र इतना बताते हैं कि लोगों ने गोशालक को मारा। आगे की कथा उन्होंने मतांतर के रूप में प्रस्तुत की है।

६. भगवान् महावीर ने ११वाँ चातुर्मास वैशाली में किया ऐसा *श्रीहरिभद्रसूरिजी* एवं *श्रीमलयगिरि* महाराज का अभिप्राय है (*आवश्यकनिर्युक्ति* – गाथा-५१७)। जबकि *चूर्णिकार* ११वाँ चातुर्मास मिथिला में बताते हैं।

**तीनों वृत्तिओं में निम्नांकित जगह भिन्न-भिन्न अर्थवाली हैं –**

१. *श्रीमलयगिरि* महाराज ने मनःपर्यवज्ञान के क्षेत्रनिरूपण में विपुलमति का क्षेत्र संपूर्ण अढी द्वीप और ऋजुमति का ढाई अंगुलन्यून अढी द्वीप बताया है (*आवश्यकनिर्युक्ति* – गाथा-७६) । जबकि *चूर्णिकार* ऋजुमति का संपूर्ण अढी द्वीप और विपुलमति का ढाई अंगुल अधिक अढी द्वीप बताते हैं । *श्रीहरिभद्रसूरिजी* ने यहाँ कोई स्पष्टता नहीं दी है ।

२. क्षपकश्रेणि में अप्रत्याख्यान और प्रत्याख्यान कषायों के क्षय के बीच में १६ प्रकृति का क्षय सामान्यतः समझा जाता है । लेकिन *आवश्यकनिर्युक्ति* – गाथा-१२१ की वृत्ति में *श्रीमलयगिरि* महाराज ने १६ प्रकृति का क्षय बताने पर भी नाम १७ दिये हैं, जिसमें प्रचलित मत से 'अपर्याप्त-प्रकृति' अधिक है । *श्रीहरिभद्रसूरिजी* ने स्पष्टतः १७ प्रकृतिओं के क्षय का ही विधान किया है । इसके टिप्पण में *मलधारी श्रीहेमचंद्रसूरिजी* लिखते हैं कि इसको मतांतर समझना चाहिए । मूलनिर्युक्ति में भी १७ प्रकृतिओं का उल्लेख है यह भी ध्यानपात्र बात है ।

*चूर्णिकार* ने प्रकृतिओं की संख्या भी १६ लिखी है और नाम भी १६ लिखे हैं । इसमें विशेष यह है कि उन्होंने आतप और उद्योत की जगह एक अप्रशस्त विहायोगति का ही ग्रहण किया है । अतः अपर्याप्त नामकर्म का यहाँ ग्रहण होने पर भी प्रकृतिओं की संख्या और नाम १६ ही रहते हैं । *चूर्णि* में मूलनिर्युक्ति का पाठ भी भिन्न है । "आयवं उज्जोअं थावरनामं च सुहुमं च ।।" (*आवश्यकनिर्युक्ति* – गाथा-१२२ का *श्रीमलयगिरि* वृत्ति एवं *हारिभद्रीय* वृत्ति सम्मत पाठ) "अपसत्था विहगगति थावरणामं च सुहुमं च ।।" (*चूर्णि*)

३. शूलपाणि यक्ष की प्रतिमा के स्वरूप में उपरोक्त तीनों वृत्तियों में मुख्य मत यह है कि लोगों ने मनुष्य की हड्डी के ढेर पर देवालय बनाया और पास में एक बैल की स्थापना की । किन्तु तीनों वृत्तियों में इस मतांतर का भी उल्लेख है कि शूलपाणि यक्ष की प्रतिमा ही बैलस्वरूप थी और उसके नीचे हड्डियों का ढेर किया । देखे *आवश्यकनिर्युक्ति* – गाथा-४६१ की वृत्तियाँ ।

४. *हारिभद्रीय* वृत्ति और *चूर्णि* में संगम देव उपसर्ग करते समय पांचाल देव की विकुर्वणा करता है ऐसे मतांतर का जिक्र किया गया है (*आवश्यकनिर्युक्ति* – गाथा-५०८) । लेकिन *श्रीमलयगिरि* महाराज ने इस मतांतर की नोंध नहीं ली है ।

**- मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

* * *

# જમાલિની કથા સંબંધે થોડીક વિચારણા

જમાલિ નિહ્નવની કથા સામાન્ય રીતે આપણે ત્યાં આ રીતે કહેવાય છે –

જમાલિ ગ્લાન થયા ત્યારે સાધુઓ તેમને માટે સંથારો કરવા લાગ્યા. વ્યાધિપીડિત જમાલિએ સાધુઓને પૂછ્યું કે 'સંથારો પથરાઈ ગયો ?' સાધુઓએ કહ્યું - 'હા, પથરાઈ ગયો.' જમાલિ બેસવા ગયા. જોયું તો સંથારો પથરાયો ન હતો. તેથી તેમને क्रियमाणं कृतं એવા પ્રભુના વચન પર અશ્રદ્ધા થઈ.

પરંતુ *ભગવતીજી* માં આ કથાનક કાંઈક અલગ છે –

तए णं से जमाली अणगारे बलियतरं वेदणाए अभिभूए समाणे दोच्चं पि समणे निग्गंथे सद्दावेइ, सद्दावित्ता दोच्चं पि एवं वयासी – "ममं णं देवाणुप्पिया! सेज्जासंथारए किं कडे, कज्जइ ?" तते णं ते समणा निग्गंथा जमालिं अणगारं एवं वयासी - "णो खलु देवाणुप्पिया! णं सेज्जासंथारए कडे, कज्जइ ।" तए णं तस्स जमालिस्स अणगारस्स

अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था - "जं च णं समणे भगवं महावीरे एवं आइक्खइ जाव एवं परूवेइ – एवं खलु चलमाणे चलिए, उदीरिज्जमाणे उदीरिए, जाव निज्जरिज्जमाणे णिज्जिण्णे, तं णं मिच्छा, इमं च णं पच्चक्खमेव दीसइ सेज्जासंथारए कज्जमाणे अकडं, संथरिज्जमाणे असंथरिए ।।" – (*વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ* – ૯.૩૩)

આ પાઠને જોવાથી ખ્યાલ આવે છે કે સાધુઓ 'સંથારો પથરાઈ ગયો.' એવું બોલ્યા જ નથી. પરંતુ 'સંથારો પથરાયો નથી, પણ પથરાય છે.' એમ જ બોલ્યા છે. અને તે સાંભળીને જમાલિને થયું કે આ વાસ્તવિકતાથી તો પ્રભુનો **क्रियमाणं कृतं** એ સિદ્ધાંત ખોટો સિદ્ધ થાય છે.

હવે પ્રશ્ન એ થાય કે જો સાધુઓ 'સંથારો પથરાઈ ગયો.' એવું બોલ્યા જ નથી. તો સામાન્યતઃ આપણે એવું બોલતા હોઈએ છીએ કે "સાધુઓએ સંથારો પથરાતો હોવા છતાં 'સંથારો પથરાઈ ગયો.' એમ કહ્યું તે જરાય ખોટું નથી, પણ વ્યવહાર સત્ય છે. વ્યવહારમાં આપણે કોઈ મુંબઈ જવા હજુ નીકળ્યો જ હોય તો પણ 'તે તો મુંબઈ ગયો' એમ કહેતાં હોઈએ છીએ ને ! તેથી પ્રભુનો આ સિદ્ધાંત સત્ય છે. અને તેમાં જમાલિને અશ્રદ્ધા થવાથી તે નિહ્નવ થયા." તો આવી વાત જ ન હોય તો આવી પ્રરૂપણા કરવી સંગત થાય ખરી ?

વાસ્તવમાં અહીં જમાલિને જે અશ્રદ્ધા થઈ છે તે પ્રભુના **क्रियमाणं कृतं** એ નિશ્ચયનયના સિદ્ધાંત ઉપર થઈ છે. આ નય એવું માને છે કે જે સમયે જે ક્રિયા શરૂ થાય છે તે ક્રિયા તે સમયે જ પૂર્ણ થઈ જાય છે. અને તે પૂર્ણ સત્ય છે. છતાં આ પ્રસંગમાં જમાલિને ઉપરોક્ત વ્યવહારસત્યમાં અશ્રદ્ધા થઈ એવું આપણે જાણે-અજાણે ઘટાવી દેતાં હોઈએ છીએ, જે ઉચિત નથી.

આ ક્ષતિ કેવી રીતે થઈ તે વિશે વિચારતાં એવું જણાય છે કે *ભગવતીજી* માં તો સાધુઓનું 'સંથારો પથરાઈ ગયો.' એવું વાક્ય ઉપલબ્ધ નથી. પણ અન્ય આગમોમાં (*આવશ્યકનિર્યુક્તિ* આદિ) આવું વાક્ય જોવા મળે છે. જો આ વાક્યને જ ધ્યાન પર લેવામાં આવે અને આગળ-પાછળના સંદર્ભો ચૂકી જવાય તો આ આખો વિવાદ વ્યવહારસત્યને સંબંધિત છે તેવો આભાસ થવો અત્યંત સહજ છે.

– **મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

[આ સંદર્ભે અનુસંધાન – ૬૬ માં પ્રકાશિત "कज्जमाणे कडे માં नयसम्मति" એ લેખ અવશ્ય અવલોકનીય છે. એમાં આ વાત વ્યવહારનયને માન્ય કેમ ન હોઈ શકે તેની વિશદ ચર્ચા કરવામાં આવી છે. – **સં.**]

* * *

## જિજ્ઞાસા - સમાધાન

**?** *પ્રવચનસારોદ્ધાર* ની ગાથા – ૪૪૧ થી ૪૫૦ માં પ્રભુના ચોત્રીસ અતિશયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ગાથા-૪૪૫ ની વૃત્તિમાં જણાવાયું છે કે પ્રભુનું સિંહાસન અતિ નિર્મળ સ્ફટિક મણિમય હોય છે. आकाशवदत्यन्तं स्वच्छो योऽसौ स्फटिकमणिस्तन्मयं सिंहासनं सपादपीठं... આની સામે પ્રભુનું સિંહાસન સુવર્ણમય હોય છે તેમ પણ ઘણે ઠેકાણે જણાવવામાં આવે છે. જેમ કે – "મહાવિદેહમાં સીમંધરસ્વામી સોનાનું સિંહાસન જી..." તો આમાં ખરેખર શું સમજવું? – (**श्रुतसंविभाग** – ૬)

**@** – *શ્રીસમાવાયાંગસૂત્ર* માં आगासफालिआमयं सपादपीठं सिंहासनं એમ સ્પષ્ટપણે સ્ફટિકમય સિંહાસન જ જણાવવામાં આવ્યું છે. પ્રભુના અતિશયોને લગતી સૌથી પ્રાચીન પ્રરૂપણા આ સૂત્રમાં જ મળે છે. તેથી તેને જ સૌથી વધારે પ્રામાણિક ગણવી જોઈએ.

**?** અષ્ટાપદ પર્વત પર સર્વે પરમાત્મા કાઉસ્સગ્ગધ્યાનની અવસ્થામાં છે કે અલગ અવસ્થામાં ? જો કાયા પ્રમાણે ગણીએ તો કાઉસ્સગ્ગધ્યાનની અવસ્થામાં હોય એવું વધારે સંગત લાગે. – (**શ્રુતસંવિભાગ – ૭**)

**@** – અષ્ટાપદ પર્વત પર સર્વે પરમાત્મા પદ્માસનસ્થ છે એમ પરંપરાથી કહેવાતું આવ્યું છે. શાસ્ત્રોમાં પણ તેઓ કાઉસ્સગ્ગધ્યાનની અવસ્થામાં હોવાનો કોઈ ઉલ્લેખ નથી જણાતો. વળી, *જ્ઞાનપ્રકાશદીપાર્ણવ* (કર્તા – વિશ્વકર્મા, શિલ્પપ્રભા નામની ગુજરાતી ટીકા – પ્રભાશંકર સોમપુરા, ઉત્તરાર્ધ, ૨૯ મો અધ્યાય) નામના શિલ્પશાસ્ત્રમાં પણ અષ્ટાપદ પર ભરત મહારાજે બંધાવેલા સિંહનિષદ્યા પ્રાસાદનું શિલ્પની દૃષ્ટિએ જે વર્ણન છે તેમાં પણ પ્રતિમા બેઠેલી અવસ્થામાં જ જણાવાઈ છે.

**?** *ષોડશક* ગ્રંથમાં આઠમા પ્રતિષ્ઠા-ષોડશકમાં ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા અંગે વાત થઈ છે –

व्यक्त्याख्या खल्वेका, क्षेत्राख्या चाऽपरा महाख्या च ।।

વ્યક્તિપ્રતિષ્ઠા – જે તીર્થંકર જ્યારે વર્તમાન શાસનપતિ હોય ત્યારે તેની પ્રતિષ્ઠા કરવી તે. ક્ષેત્રપ્રતિષ્ઠા – ઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકરોની પ્રતિષ્ઠા. મહાપ્રતિષ્ઠા – ઉત્કૃષ્ટ કાળમાં થનારા ૧૭૦ તીર્થંકરોની પ્રતિષ્ઠા.

હવે પ્રશ્ન એ થાય છે કે શ્રીસીમંધરસ્વામી આદિ ૨૦ વિહરમાન પ્રભુની સ્વતંત્ર પ્રતિષ્ઠા હોય તો તે પ્રતિષ્ઠા આ ત્રણમાંથી કઈ પ્રતિષ્ઠામાં સમાવેશ પામશે ? – (**શ્રુતસંવિભાગ – ૭**)

**@** – મહાપ્રતિષ્ઠા એટલે વર્તમાન ચોવીશી સિવાયના પ્રભુજીની પ્રતિષ્ઠા એવો સંદર્ભ સમજીએ તો શ્રીસીમંધર-સ્વામી આદિ પ્રભુજીની પ્રતિષ્ઠાનો એમાં સમાવેશ સમજી શકાય. અલબત્ત, જેટલી પણ પ્રતિષ્ઠા થાય તે સઘળીયે પ્રતિષ્ઠાઓનો આ ત્રણ પ્રકારમાં સમાવેશ કરવાનો છે એમ સમજીને જ આ જવાબ લખ્યો છે. અન્યથા તો લખેલી વ્યાખ્યા પ્રમાણે તો વિહરમાન પ્રભુજીની પ્રતિષ્ઠાનો સમાવેશ આ ત્રણ પ્રકારોમાં ન થઈ શકે.

**?** *જગચિંતામણિસ્તોત્ર* માં संपइ जिणवर वीस मुणि એવું પદ આવે છે. વર્તમાન કાળે વીશ જિનેશ્વરો વિદ્યમાન છે એવો તેનો ભાવાર્થ છે. હવે આ સ્તોત્રની રચના *શ્રીગૌતમસ્વામી* એ અષ્ટાપદતીર્થની યાત્રા વખતે કરી તે તો પ્રસિદ્ધ જ છે. પણ પ્રશ્ન એ થાય કે *શ્રીગૌતમસ્વામી* એ યાત્રા કરી તે વખતે તો ત્રીસ તીર્થંકરો વિદ્યમાન હતા. તો અત્રે વીસનો ઉલ્લેખ કેમ ? - **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

**@** – આ વિશે તપાસ કરતાં જાણવા મળ્યા મુજબ *શ્રીગૌતમસ્વામી* એ તો *જગચિંતામણિસ્તોત્ર* ની પ્રથમ ગાથા જ રચી છે. અન્ય ગાથાઓ તો પાછળથી પૂર્વાચાર્યોએ બનાવીને તેમાં જોડી છે. આ સંબંધે એક સ્પષ્ટ પ્રમાણ *શ્રીઉત્તરાધ્યયનસૂત્ર* ની *શ્રીભાવવિજયજી* મહારાજે બનાવેલી વૃત્તિમાં મળે છે. તેમાં ૧૦ મા દ્રુમપત્રક અધ્યયનની વૃત્તિમાં *શ્રીગૌતમસ્વામી* એ અષ્ટાપદની યાત્રા કરી તેનું વર્ણન છે. તેમાં તે યાત્રા વખતે તેમણે *જગચિંતામણિસ્તોત્ર* ની પ્રથમ ગાથાથી ૨૪ તીર્થંકરની સ્તુતિ કરી હતી એવું સ્પષ્ટ જણાવ્યું છે –

गौतमस्तु गतः शैलमौलौ भरतकारितम् । हृतावसादं प्रासादं दर्शनीयं ददर्श तम् ।।
मानवर्णान्वितानादिजिनादीन् स्थापनाजिनान् । ननाम नित्यप्रतिमाप्रतिमांस्तत्र च प्रभुः ।।
साक्षादिव जिनांस्तांश्च दर्शं दर्शं प्रमोदभाक् । सन्तुष्टावतिसन्तुष्टचेता इति गणाधिपः ।।
"जगचिंतामणि जगहनाह जगगुरु जगरक्खण जगबंधव जगसत्थवाह जगभावविअक्खण ।
अट्ठावयसंठविअरूव कम्मट्ठविणासण चउवीसं पि जिणवर जयंतु अप्पडिहयसासण ।।"
इति स्तुत्वा च नत्वा च चैत्यान्निर्गत्य गौतमः । उवास रात्रिवासायाऽशोकोऽशोकतरोस्तले ।।

આ સંદર્ભ પરથી સ્પષ્ટ થાય છે કે *શ્રીગૌતમસ્વામી* એ તો *જગચિંતામણિસ્તોત્ર* ની પ્રથમ ગાથા જ રચી છે. અન્યથા ટીકાકાર ભગવંતે અત્રે ૧ ગાથાને બદલે વધારે ગાથા લખી હોત. અથવા તો તેવું સૂચન કર્યું હોત. પણ તેઓએ તો इति स्तुत्वा च नत्वा च એમ કહીને जगचिंतामणि जगहनाह° એ એક ગાથાથી જ સ્તુતિ કરી હોવાનું જણાવ્યું છે. તેથી ઉપરોક્ત ૨૦ જિનેશ્વર વાળો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

**?** ભ્રમ એ જ્ઞાન છે કે અજ્ઞાન ? કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવને ભ્રમ થાય તે શું ગણાશે ? – (**શ્રુતસંવિભાગ – ૭**)

**@** – જૈન પ્રમાણશાસ્ત્રોમાં પ્રમાણ-અપ્રમાણની જે વ્યવસ્થા છે તે બે રીતે જણાય છે – ૧. લૌકિક અને ૨. લોકોત્તર. લૌકિક વ્યવસ્થા મુજબ જ્ઞાન જે પદાર્થને જે સ્વરૂપે જુએ છે તે પદાર્થ વ્યવહારમાં તે જ સ્વરૂપ ધરાવતો હોય તો તે જ્ઞાન પ્રમાણભૂત ગણાય છે. જ્યારે તે પદાર્થ જો વ્યવહારમાં તેથી જુદું સ્વરૂપ ધરાવતો હોય તો એ વિપરીત સ્વરૂપનું ભાન કરાવનાર જ્ઞાન અપ્રમાણભૂત ગણાય છે. જેમ કે ઘડાને ઘડા તરીકે જોવો તે પ્રમાણ છે અને ઘડાને બીજા કોઈ પદાર્થરૂપે જોવો તે અપ્રમાણ છે. લોકવ્યવહારમાં પ્રમાણભૂત જ્ઞાન 'જ્ઞાન' કહેવાય છે. અને અપ્રમાણભૂત જ્ઞાન 'અજ્ઞાન' ગણાય છે.

આની સામે જૈનદર્શનની લોકોત્તર વ્યવસ્થા મુજબ જ્ઞાનગત સ્વરૂપને અનુલક્ષીને તેના જ્ઞાન કે અજ્ઞાન એવા વિભાગ નથી પડતા. પણ સમ્યગ્દૃષ્ટિ જીવને થતું જ્ઞાન તે જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ જીવને થતું જ્ઞાન તે અજ્ઞાન એવું લોકોત્તર વિભાગીકરણ કરવામાં આવે છે. આનાં કારણો તરીકે **सदसदविसेसणाओ°** એ ગાથામાં અથવા **सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत्** એ *તત્ત્વાર્થસૂત્ર* માં સૂચિત હેતુઓને રજૂ કરવામાં આવે છે. આનું તાત્પર્ય એમ સમજાય છે કે છદ્મસ્થ જીવને થતો બોધમાત્ર, પછી એ વિષયની અપેક્ષાએ લોકવ્યવહારમાં પ્રમાણ ગણાતો બોધ હોય કે અપ્રમાણ બોધ હોય, તે અપૂર્ણ જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દર્શનના બળથી સ્યાદ્વાદના આલંબને એ અપૂર્ણતાને ઓળંગીને પૂર્ણતા તરફ પોતાના બોધને દોરી જઈ શકે છે. વળી, તે પોતાના સત્ કે અસત્ કોઈપણ બોધને મોક્ષનો હેતુ બનાવે છે. એથી એનો બોધમાત્ર લોકોત્તર દૃષ્ટિએ પ્રમાણ ગણાય છે. એથી ઊલટું મિથ્યાદૃષ્ટિ જીવને મારો જ બોધ સાચો એવી જબરદસ્ત પકડ હોય છે. એથી એ પોતાના બોધની અપૂર્ણતાને સ્વીકારવા માટે તૈયાર નથી થતો. વળી, એ પોતાના કોઈપણ બોધનો ઉપયોગ આખરે તો સંસારની વૃદ્ધિ માટે જ કરે છે. માટે જ્ઞાનનું પારમાર્થિક ફળ એને મળતું ન હોવાથી એના બોધમાત્રને લોકોત્તર દૃષ્ટિએ અપ્રમાણ જ ગણવામાં આવે છે.

આમ, સમ્યગ્દૃષ્ટિ જીવની સત્યનિષ્ઠા અને સત્યના સ્વીકારની તત્પરતાને અનુલક્ષીને તેમ જ જ્ઞાનની પારમાર્થિક ફળપ્રાપ્તિની અપેક્ષાએ, તેના સંશય, વિપર્યય કે અનધ્યવસાય જેવા વિષયનિરૂપણની દૃષ્ટિએ મિથ્યાજ્ઞાનને પણ લોકોત્તર દૃષ્ટિએ પ્રમાણભૂત જ સમજવામાં આવે છે. આમ સમજવામાં એ જ્ઞાનોમાં વિષયનિરૂપણની દૃષ્ટિએ જે મિથ્યાત્વ છે તેનો અપલાપ નથી હોતો. આ માત્ર દિશાસૂચન જ છે. જૈન પ્રમાણગ્રંથોમાં આ સંબંધે ઘણી વિશદતાથી પ્રરૂપણા થઈ છે.

**?** વર્ધમાનતપ-આરાધક શ્રીશ્રીચંદ્રકેવલીના ચરિત્રના રચયિતા *શ્રીસિદ્ધર્ષિગણિ* મહારાજ અને *ઉપમિતભવપ્રપંચાકથા* ના રચયિતા *શ્રીસિદ્ધર્ષિગણિ* મહારાજ બન્ને એક જ વ્યક્તિ છે કે અલગ ? – (**શ્રુતસંવિભાગ – ૭**)

**@** – જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ (નવી આવૃત્તિ) ના પૃષ્ઠ ૧૨૮ પર જણાવ્યા મુજબ *ઉપમિતભવપ્રપંચાકથા* ના રચયિતા *શ્રીસિદ્ધર્ષિગણિ* મહારાજે જ *શ્રીશ્રીચંદ્રકેવલીચરિત્ર*, *ન્યાયાવતારવૃત્તિ*, *ઉપદેશમાલાવૃત્તિ* વગેરે ગ્રંથોની રચના કરી છે.

**?** આપણે ત્યાં સેંકડો વર્ષોથી એક સરસ પ્રણાલિકા પ્રવર્તે છે. ગુરુભગવંત જે ગામમાં કે નગરમાં પધારવાના હોય ત્યાંનો શ્રીસંઘ કે શ્રાવકવર્ગ એમનો વાજતે-ગાજતે સામૈયા સાથે પ્રવેશમહોત્સવ કરાવે છે. એના લીધે ગુરુભગવંતનું આવું લોકોત્તર બહુમાન જોઈને જૈન-જૈનેતર વર્ગમાં શાસનની પ્રભાવના થાય તેવો ખ્યાલ આ પ્રથા પાછળ પ્રવર્તે છે. પણ જૈન આગમસાહિત્યમાં કોણિક મહારાજનું સામૈયું કે દશાર્ણભદ્રનો વરઘોડો વગેરે જે સામૈયાની વાતો નોંધાઈ છે તેમાં તો વીતરાગ પરમાત્મા કે ગુરુભગવંત ગામ કે નગરની બહાર ઉદ્યાન આદિમાં પધારી જાય પછી શ્રીસંઘ કે શ્રાવકવર્ગ તેમને વંદન કરવા માટે વાજતે-ગાજતે ઋદ્ધિ-સમૃદ્ધિ સાથે જાય તેવી વાત મળે છે. પ્રભુજી કે ગુરુભગવંતને સામે લેવા જવાની વિધિની નોંધ લગભગ નથી મળતી. તો પ્રચલિત પરંપરાને સાક્ષાત્ આગમસાહિત્યનું સમર્થન મળે ખરું ? – (એક મુનિવરે રૂબરૂમાં પૂછેલો પ્રશ્ન)

@ – અલબત્ત, પશ્ચાત્કાલીન જૈન શાસ્ત્રોમાં તો આવાં દૃષ્ટાંતો ઢગલાબંધ મળે જ છે. પણ હમણાં સાક્ષાત્ આગમપંચાંગીમાં જ આ પ્રથાને સીધું સમર્થન આપી શકે તેવો પાઠ વાંચવા મળ્યો. *વ્યવહારભાષ્ય* માં ગાથા – ૭૯૯ માં પ્રતિમાધારી મુનિરાજ પ્રતિમાસમાપ્તિ થાય ત્યારે કઈ વિધિ આચરે તે જણાવાયું છે –

तीरिय उब्भामणिओय दरिसणं साहु सन्नि वऽप्पाहे ।
दंडीय भोइय असती सावगसंघो व सक्कारं ।।

આની *શ્રીમલયગિરિ* મહારાજ રચિત વૃત્તિ –

तीरितायां- समाप्तायां प्रतिमायां ... उद्भामकनियोगो ग्रामः, तत्र दर्शनमात्मनः प्रकटनं करोति । ततः साधुं- संयतं संज्ञिनं वा- सम्यग्दृष्टिं श्रावकं अप्पाहेत्ति संदेशयति । ततो दण्डिकस्य- राज्ञो निवेदनं, स सत्कारं करोति, तदभावे भोजिकः, तस्याऽप्यभावे श्रावकवर्गः, तस्याऽप्यभावे सङ्घः- साधु-साध्वीवर्गः । ... सत्कारो नाम तस्योपरि चन्द्रोदयधारणं, नान्दीतूर्यास्फालनं, सुगन्धवासप्रक्षेपणमित्यादि, एवंरूपेण सत्कारेण गच्छं प्रवेशयेत् ।

આનો સામાન્ય અર્થ આ પ્રમાણે છે –

પ્રતિમાધારી મુનિરાજ પ્રતિમા સમાપ્ત કરીને ગામમાં કે નગરમાં પાછા પધારે ત્યારે સૌ પ્રથમ ગામ કે નગરની બહાર રહીને જ આચાર્ય ભગવંત કે સાધુ કે શ્રાવકને પોતે આવ્યા હોવાનો સંદેશો મોકલે. ત્યારે તે લોકો તે ગામના રાજાને તે વાત જણાવે. ત્યારે તે રાજા તે સાધુના આગમનનો સત્કાર કરે. તે ન કરે તો ત્યાંના ભોજિકને તે વાત કરે. તેના અભાવમાં ત્યાંનો શ્રાવકવર્ગ તે મુનિનો પ્રવેશમહોત્સવ કરે. અને તે ના હોય તો સ્વયં સાધુ-સાધ્વી ભગવંતો ભેગા મળીને તે મુનિના આગમનનો સત્કાર કરે. સત્કારનો અર્થ છે તે મુનિના મસ્તક પર ચંદરવો ધરે, વાજિંત્રોનો નિનાદ થાય, તે મુનિના મસ્તક પર સુગંધી વાસચૂર્ણનો છંટકાવ થાય. આવા આડંબરપૂર્વક તે પ્રતિમાધારી મુનિનો પ્રવેશ-મહોત્સવ થાય.

આમાં સ્પષ્ટપણે પ્રતિમાધારી મુનિરાજને આડંબરપૂર્વક સામૈયા સાથે પ્રવેશ કરાવવાની વાત કરી છે. આ પ્રરૂપણાના આધારે અત્યારે પ્રવર્તમાન ગુરુભગવંતની પધરામણી વખતે કરાતા સામૈયાની પ્રથાને પણ સમર્થન મળે છે. અલબત્ત, તેવો પ્રવેશમહોત્સવ કેવા ગુરુભગવંતોનો કરી શકાય તે અંગે વિવેક કેળવવાની જરૂર અવશ્ય છે. પણ તેથી આગમસાહિત્યનું આવી પ્રથાને સીધું સમર્થન નથી તે વાત બરાબર નથી જણાતી.

[બધાં સમાધાન – **त्रै.**]

* * *

# પત્રચર્ચા

✉ (**શ્રુતસંવિભાગ**-૫ માં 'અઈમુત્તા મુનિવરને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ક્યારે થઈ ?' એ લખાણ અંગે)

વર્તમાનમાં અઈમુત્તા મુનિને ઈર્યાપથિકી ક્રિયા કરતાં કરતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું તેવી જે માન્યતા છે તેનો ઉલ્લેખ *ભરતેશ્વરવૃત્તિ* માં મળે છે –

सापत्रपः क्षुल्लकः श्रीवीरसमवसरणे जगद्गुरोः पुरो विराधनायाः प्रयश्चित्तरूपामीर्यापथिकीं प्रतिक्रमन् 'दगमट्टी दगमट्टी' इति शब्दमुच्चरन् पृथ्वीकायकानप्कायकान् जीवान् क्षामयन् सर्वकर्मक्षयात् केवलज्ञानं प्राप ।।

જ્યારે *ભવભાવના* ગ્રંથમાં તો ઘણા સમય પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયાની વાત મળે છે. ત્યાં તો તેમણે છટ્ઠ-અટ્ઠમ-ભિક્ષુપ્રતિમા વગેરે તપો કર્યા છે તેનો પણ ઉલ્લેખ મળે છે. – **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

(**શ્રુતસંવિભાગ**-૬ માં 'અરણિકાચાર્યના કથાનકમાં એક નવી જ વાત' એ લખાણ અંગે)

અત્રે અરણિકાચાર્યના કથાનકમાં જે વિશેષ વાત બતાવવામાં આવી છે તેવી જ વાત *ઉપદેશપદ* – ગાથા ૧૩૧ ની વૃત્તિમાં પણ આવે છે. તથા પ્રચલિત અને વિશેષ એમ બન્ને વાત *ઉપદેશમાલા* – ગાથા ૧૭૦ ની *શ્રીસિદ્ધર્ષિ ગણિ* કૃત *હેયોપાદેયવૃત્તિ* માં આવે છે. અહીં વિશેષ એ છે કે અરણિકાચાર્યના કેવલજ્ઞાનોત્પત્તિના પ્રચલિત સંદર્ભમાં એવું આવે છે કે આચાર્ય ભગવંત ગંગા નદી ઓળંગે છે ત્યારે પૂર્વની વૈરી દેવતા તેમના શરીરમાં ત્રિશૂલ ભોંકે છે. અને ત્યારે આચાર્ય એમ વિચારે છે કે મારા શરીરના આ લોહીથી અપ્કાયના જીવોની વિરાધના થશે. આમ જીવદયાની ભાવનામાં તેઓ કેવલજ્ઞાનને વરે છે. જ્યારે ઉપરોક્ત સ્થળે એમ જણાવવામાં આવ્યું છે કે આચાર્ય ભગવંત જે નાવમાં બેઠા હોય છે તે નાવ ડૂબવા માંડે છે. ત્યારે નાવિકો પોતાના મરણના ભયથી અને રોષથી તેમને પાણીમાં નાંખે છે. ત્યારે તેઓ વિચારે છે કે મારા શરીરના ક્ષારના સંપર્કથી આ પાણીના જીવો વિનાશ પામશે. આ પ્રમાણે વિચારતાં તેઓને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. જુઓ મૂળ પાઠ –

अन्यदा गङ्गायां नावारूढा यत्र यत्र ते तिष्ठन्ति तत्र तत्राऽसौ नौरधो गच्छति स्म । मध्ये स्थितानां मज्जितुमारब्धा । ततः स्वमरणभयाद् रोषाच्च नाविकैः क्षिप्यमाणानां जले मदीयक्षारशरीरसम्पर्कान्नीरजीवा विनश्यन्तीति करुणापरीतचेतसामासादितशुक्लध्यानानामुत्पन्नं केवलं, क्षीणमायुः, गताः शिवधामेति ।।

**- મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

(**શ્રુતસંવિભાગ**-૭ 'કળશોની સંખ્યા અંગે પ્રરૂપણાભેદ' એ લેખ સંદર્ભે)

કળશોની સંખ્યા અંગે પ્રરૂપણાભેદ પ્રાચીન કાળથી જ ચાલ્યો આવે છે એમ જણાય છે. મૂળ ચર્ચામાં નોંધાયેલા *વસુદેવહિંડી* અને *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* ના પાઠોમાં સ્પષ્ટપણે ૧,૦૦૮ કળશોનો જ નિર્દેશ છે. પણ *શ્રીકલ્પસૂત્ર* ની ઉપાધ્યાય *શ્રીવિનયવિજયજી* રચિત *સુબોધિકાવૃત્તિ* માં ઉદ્ધૃત એક પ્રાચીન ગાથામાં ૧,૬૦,૦૦૦ કળશોનો નિર્દેશ મળે છે –

पणवीसजोअणुत्तुंगो बारसजोअणाइँ वित्थारो । जोअणमेगं नालुअ इगकोडी सट्ठिलक्खाइं ।।

આ ૧,૬૦,૦૦૦ કળશોની સંખ્યા દરેક પ્રકારના ૮,૦૦૦ કળશ ગણીએ તો જ ઘટે.

પણ સ્વયં ટીકાકારે રચેલા શ્લોકોમાં આશ્ચર્યજનક રીતે કળશોની સંખ્યા ૧,૦૦૮ ની જ ગણાવાઈ છે –

सौवर्णा राजता रात्नाः स्वर्णरूप्यमया अपि । स्वर्णरत्नमयाश्चाऽपि रूप्यरत्नमया अपि ।।<br>
स्वर्णरूप्यरत्नमया अपि मृत्स्नामया अपि । कुम्भाः प्रत्येकमष्टाढ्यं सहस्रं योजनाननाः ।।

આ પછી તેઓએ એવં भृङ्गार-दर्पण-रत्नकरण्डक-सुप्रतिष्ठक-स्थाल-पात्रिका-पुष्पचङ्गेरिकादिपूजोपकरणानि कुम्भवदष्टप्रकाराणि प्रत्येकमष्टोत्तरसहस्रमानानि એમ કહ્યું છે. તેમાં પણ કળશોની સંખ્યા ૧,૦૦૮ હોવાનો જ નિર્દેશ મળે છે.

એટલે આને મતાંતર લેખે સમજીએ તે જ વધુ ઉચિત જણાય છે. – **त्रै.**

(**શ્રુતસંવિભાગ**-૭ 'क्या तीर्थंकर भगवंत को भी देशना का परिश्रम होता है ?' એ લેખ સંબંધે)

પંડિતવર્ય *શ્રીધીરુભાઈ* એ *યોગશતક* ના પાઠમાં જણાવ્યું હતું કે "અશાતા વેદનીય છેક છેલ્લા ગુણસ્થાનકે નીકળે છે. એટલે તીર્થંકર પ્રભુને પણ અશાતા હોય. પણ એની પીડા કે અરતિ ન અનુભવાય. દેશના આપ્યા બાદ કલાકો સુધી બોલ્યા હોય એટલે ગળામાં દુખાવો થાય, શરીરમાં થાક વર્તાય. એટલે દેવછંદોમાં આરામ કરે. આરામ એટલે શરીરને વિશ્રામ આપે. અને સામાન્ય કેવલીને તો કેવલજ્ઞાન પછી પણ ઝાડા-ઉલટી થઈ શકે. કેવલજ્ઞાનમાં સ્પષ્ટ દેખાતું હોય કે આ આહાર વાપરીશ તો ઝાડા-ઉલટી થશે તો પણ વાપરે. કારણ કે તેઓ એ પણ જાણતા હોય છે કે આ વાપરવાની મારી ભવિતવ્યતા છે." – **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

(**શ્રુતસંવિભાગ**-૫ માં 'અગુરુલઘુ શબ્દના અર્થ' એ ચિંતન અંગે)

અગુરુલઘુ એ એક ગુણ તરીકે જીવ-અજીવ તમામ દ્રવ્યોમાં રહેલો છે. અધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં સમગ્રમાં એક છે. જ્યારે પુદ્ગલમાં દરેક પુદ્ગલમાં અને જીવમાં દરેક જીવમાં આ ગુણ રહેલો છે. તેનું કાર્ય ન્યાય અને વૈશેષિક દર્શનમાં આવતા વિશેષ નામના પદાર્થ જેવું છે. આ અગુરુલઘુગુણ દરેક પ્રદેશને અને દરેક પરમાણુને ભિન્ન-ભિન્ન રાખે છે. કોઈ પણ પરમાણુ કે પ્રદેશ એકબીજામાં વિલીન થતાં નથી. સંયોગથી સ્કંધાદિ બને, પણ કોઈ પરમાણુનો નાશ થતો નથી. તે જ રીતે દરેક આત્મપ્રદેશને ભિન્ન-ભિન્ન રાખવાનું કાર્ય આ અગુરુલઘુગુણ કરે છે. બધા જ પ્રદેશોનું પોતાનું અસ્તિત્વ રહે છે. આ આત્મપ્રદેશોમાં રહેલા અગુરુલઘુગુણના કારણે ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ પણ થાય છે. આ વાત પૂ. *દેવચંદ્રજી* મ. તેમની ચોવીશીના પાંચમા સ્તવનના સ્તબકમાં લખી છે. *દ્રવ્યગુણ-પર્યાયના રાસ* માં પણ આ ગુણનો ઉલ્લેખ છે. - **પૂ. આ. શ્રીભાગ્યેશવિજયસૂરિજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

(**શ્રુતસંવિભાગ**-૭ 'યુગલિકોમાં કોઈ અભવ્યનો આત્મા હોય કે નહીં ?' એ લેખ સંબંધે)

*કુલકસંગ્રહ* માં આઠમા અભવ્યકુલકમાં અભવ્ય જીવો કયા કયા ભાવોને ન સ્પર્શી શકે તે તે ભાવો જણાવ્યા છે. તેમાં ત્રીજી ગાથા આ પ્રમાણે છે –

तायत्तीससुरत्तं परमाहम्मिय-जुयलमणुअत्तं । संभिन्नसोयं तह पुव्वधराहारयपुलायत्तं ।।

અર્થાત્ ત્રાયસ્ત્રિંશકદેવપણું, પરમાધામીપણું, યુગલિક મનુષ્યપણું, સંભિન્નશ્રોતલબ્ધિ, પૂર્વધરલબ્ધિ, આહારકલબ્ધિ અને પુલાકલબ્ધિપણું અભવ્ય જીવો ન પામે. આમ આ ગાથાના આધારે સ્પષ્ટ સમજાય છે કે અભવ્યજીવો યુગલિક મનુષ્યપણું ન પામે.

આ ગાથામાં जुयलमणुअत्तं એમ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હોવાથી એમ સમજાય છે કે યુગલિક તિર્યંચપણું તો અભવ્ય જીવો પામી શકતા હશે. – **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

[આવો જ પ્રત્યુત્તર મુનિ **શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય) તેમ જ મુનિ **શ્રીનિર્ગ્રંથચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય) તરફથી પણ મળ્યો છે. – **સં.** ]

* * *

# જિજ્ઞાસા

**?** ૧. સ્થાપનાજીમાં શેની સ્થાપના કરવામાં આવે છે ? વર્તમાનમાં આ સંદર્ભે બે માન્યતા પ્રવર્તતી હોવાનું ખ્યાલમાં છે – ૧) ત્યાં પંચ પરમેષ્ઠિની સ્થાપના છે. ૨) શાસ્ત્રોમાં પાંચ પ્રકારના આચાર્યો જણાવવામાં આવ્યા છે, તે પાંચ આચાર્યોની ત્યાં સ્થાપના હોય છે. આ પાંચ આચાર્યો કયા તે જણાવતી ગાથા આવી વાંચવા મળે છે –

तित्थयर गणहरो केवली य पत्तेयबुद्धपुव्वधरो । पंचविहायारधरो दुल्लभो आयरिओ वि ।।

તીર્થંકર, ગણધર, કેવલી, પ્રત્યેકબુદ્ધ અને પૂર્વધર – આ પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર આચાર્ય પણ આ લોકમાં પ્રાપ્ત થવા દુર્લભ છે. અહીં જે પાંચ પ્રકારના આચાર્યોની વાત કરી છે, તે પાંચ આચાર્યોની સ્થાપના અક્ષોમાં કરવામાં આવે છે ?

ક્યાંક એવું પણ સાંભળવા મળ્યું કે અક્ષની પ્રતિષ્ઠા વખતે તેમાં પંચ પરમેષ્ઠિનું મુદ્રા દ્વારા આહ્વાન કરવામાં આવે છે. પણ આ વાતમાં તથ્ય જણાતું નથી. તો આમાં સત્ય શું હશે ?

**?** ૨. જેમ મનુષ્યનાં ચૌદ અશુચિસ્થાનોમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે તેમ પંચેંદ્રય તિર્યંચનાં અશુચિ સ્થાનોમાં સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચો ઉત્પન્ન થાય ખરા ?

**?** ૩. મનુષ્યનાં ચૌદ અશુચિસ્થાનોમાં બે ઘડી પછી સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે તે વાત બરાબર છે. પણ તે અશુચિ બે ઘડી સ્થિર રહે તો જ તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે. અન્યથા બે ઘડી સમાપ્ત થતાં પહેલાં એને હલાવી દઈએ તો તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થતી નથી - આવું સાંભળવા મળે છે. તો આ વાતને કોઈ શાસ્ત્રીય આધાર ખરો ? ક્યાંક એવું પણ સાંભળેલું છે કે ઉપરની વાત માત્રું વિગેરે અશુચિમાં લાગુ પડતી નથી. પણ કાપ વગેરેનું મેલું પાણી હોય તેમાં બે ઘડી પહેલાં હલાવી દઈએ તો તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થતી નથી એટલો જ આનો મર્મ છે. તો આ અશુચિઓમાં આવું વિભાગીકરણ શક્ય ખરું ? અમુક સંજોગોમાં પરઠવતાં વાર લાગે તેવી પરિસ્થિતિને અનુલક્ષીને જ આ પ્રશ્ન છે. બાકી તો સાધુ આ બાબતે અપ્રમત્ત જ હોય.

**- મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

**?** भूतले घटाभावः આ અનુભૂતિને નૈયાયિકો અભાવ નામના સ્વતંત્ર પદાર્થને માનીને જ સંગત કરે છે. પણ જૈન દૃષ્ટિ તો અત્યંતાભાવને ત્રૈકાલિક તાદાત્મ્યપરિણામની નિવૃત્તિ તરીકે વ્યાખ્યાયિત કરે છે, તેના મતે તો અભાવ સ્વતંત્ર પદાર્થ નથી. દરેક પદાર્થ ભાવાભાવાત્મક છે. એટલે ઘટ સિવાયની વસ્તુઓ જ ઘટરૂપે નાસ્તિત્વ ધરાવતી હોવાથી ઘટાભાવ તરીકે ઓળખાય છે. અને તેથી ભૂતલ પર રહેલા પટને જ તેના ઘટરૂપે નાસ્તિત્વ-સ્વભાવની વિવક્ષાએ भूतले घटाभावः તરીકે ઓળખી શકાય છે. પણ જ્યારે ભૂતલ પર કશું જ પડ્યું ન હોય ત્યારે કોના નાસ્તિત્વ-સ્વભાવની વિવક્ષાએ भूतले घटाभावः એવી અનુભૂતિ થાય ? ત્યાં જે આકાશ હોય છે તેના ઘટરૂપે નાસ્તિત્વ-સ્વભાવની વિવક્ષા કરીને भूतले घटाभावः એવી અનુભૂતિ સમજવાની હોય છે ? કે અન્ય કોઈ રીતે જૈન દૃષ્ટિએ આ અનુભૂતિની સંગતિ શક્ય છે ? – **મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## શ્રુત-વધામણાં

[**શ્રુતસંવિભાગ** પરિવારના મુનિવરો દ્વારા સર્જિત – સંપાદિત – સંશોધિત નૂતન સાહિત્યને આવકારતા, એ મુનિવરોના પરિશ્રમને અનુમોદવાનો પુણ્ય અવસર આપતા આ નવીન વિભાગને મિત્ર મુનિવરો અવશ્ય વધાવી લેશે અને એ સાહિત્યનું અવલોકનાદિ કરીને સમ્યગ્જ્ઞાનની અભિવૃદ્ધિ કરશે તેવી શ્રદ્ધા સાથે. – **સં.** ]

**नव्यन्यायभाषाप्रदीपः** (બંગાળી સુપ્રભા વ્યાખ્યાના સંસ્કૃત અનુવાદ તેમ જ મૂળ ગ્રંથ અને સંસ્કૃત વ્યાખ્યાના હિંદી અનુવાદ સાથે) – **કર્તા** – મહેશચંદ્ર ન્યાયરત્ન, **વ્યાખ્યાકાર** – કાલીપદતર્કાચાર્ય, **સંસ્કૃત અનુવાદકાર** – વિમલ રક્ષિત, **હિંદી અનુવાદકાર** – મુનિ શ્રીનયજ્ઞવિજયજી, **સંપાદક** – શ્રીજગચ્ચંદ્રસૂરિજી (ડહેલાવાળા-સમુદાય), **પ્રકાશક** – શ્રીસુરેંદ્રસૂરિજી જૈન તત્ત્વજ્ઞાનશાળા – અમદાવાદ, સુરત.

નવ્યન્યાયની પરિભાષાનો સ્ફુટ બોધ કરવા માટે અતિ ઉપયોગી ગ્રંથ. મુનિશ્રીએ પ્રારંભિક અભ્યાસીઓને સહાયતા પૂરી પાડતો વિશદ હિંદી અનુવાદ તૈયાર કરીને ઘણી સરળતા કરી આપી છે. ગ્રંથમાં મુનિશ્રીના ગંભીર અધ્યયનનો પરિપાક અને એક ઊગતી પ્રતિભાની ઝલક સુપેરે જોઈ શકાય છે.

**ચાતુર્માસિક-મંડનાનિ** – **સંપાદક** – મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી (શ્રીલબ્ધિસૂરિ-સમુદાય), **પ્રકાશક** – શત્રુંજયલબ્ધિ આરાધના ગ્રુપ.

સામાયિક, આવશ્યક વગેરે વિવિધ વિષયોને સંબંધિત પ્રવચનોનો ઉપયોગી સંગ્રહ.

# વિશેષ પ્રતિસ્પંદ

श्रुतसंविभागः-७ अधिगतः । विहङ्गावलोकनं विहितम् । विविधपुष्पान्वितोपवनमिव सर्वमपि तत्र रुचिरमस्ति । प्रेषकाः संग्राहकाः पाठकाश्चेति सर्वेऽपि साधुवादार्हाः । **- પૂ. આ. શ્રીમુક્તિચંદ્ર-મુનિચંદ્રસૂરિજી મહારાજ** (શ્રીકલાપૂર્ણસૂરિ-સમુદાય)

સ્વાધ્યાયનો સારો અવસર આ **શ્રુતસંવિભાગ** દ્વારા મળે છે. ધન્યવાદ. સ્તુત્ય પ્રયાસ છે. – **પૂ. આ. શ્રીભાગ્યેશવિજયસૂરિજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

**શ્રુતસંવિભાગ** ની પ્રતીક્ષા સતત રહે છે. સ્વાધ્યાય અને પ્રવચનની અનુપ્રેક્ષા હૃદયને સ્પર્શી ગઈ. **શ્રુતસંવિભાગ** પ્રશ્ન-અનુપ્રશ્ન અને અનુપ્રેક્ષાનું મજબૂત અને મૌલિક વાતાવરણ સર્જી રહ્યું છે. પદાર્થનું સંકલન અને એનો આશય અને અપેક્ષા સ્ફુટ કરતા **શ્રુતસંવિભાગ** નાં વધામણાં સ્વાધ્યાયી મુનિવરોમાં થતાં રહે છે. આપણે સહુ નિઃસ્વાર્થભાવે કોઈ વિભાગ વગર **શ્રુતસંવિભાગ** સમૃદ્ધ બને એવો સહિયારો પુરુષાર્થ આદરીશું. શ્રમણસંસ્થા સુદૃઢ બનશે. – **મુનિ શ્રીવિરાગચંદ્રસાગરજી ગણિ** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

नन्दनवनकल्पतरु અને अनुसंधान ની જેમ **શ્રુતસંવિભાગ** પણ નવીનતાસભર એક નવો ટ્રેન્ડ પાડનારું બન્યું છે. સ્વાધ્યાયી મુનિઓ માટે એક પ્લેટફોર્મ બની રહેશે. નવા અંકની આતુરતાપૂર્વક રાહ જોતાં રહીએ છીએ. – **મુનિ શ્રીતીર્થયશવિજયજી** (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)

'બાંટકે ખાના વૈકુંઠ મેં જાના' નામના શીર્ષલેખ નીચે નીકળેલું બીજના ચંદ્ર જેવું સાવ દૂબળું-પાતળું **શ્રુતસંવિભાગ** પરિપત્ર શ્રુતજ્ઞાનરૂપી અત્યંત પુષ્ટિદાયક ખોરાક આરોગીને પૂનમના ચાંદ જેવું અત્યંત પુષ્ટ બન્યું છે. स्वाध्याय-प्रवचनाभ्यां न प्रमदितव्यम् ।। લેખ ખૂબ સરસ અને પ્રેરણાદાયક છે. **મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

**શ્રુતસંવિભાગ** માં અભિનવ જ્ઞાનપદની આરાધના સ્વતઃ થઈ જાય છે. જિજ્ઞાસાના સમાધાન દ્વારા સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનની પુષ્ટિ થાય છે. મુનિભગવંતોએ કરેલી જ્ઞાનોપાસના-લોકોપકારની ભાવનાને વંદતાં ચારિત્ર નિર્મળ બને છે. વાસ્તવિક અર્થમાં सम्यग्ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः એ સૂત્રને સાર્થક કરતું આ **શ્રુતસંવિભાગ** ચિરંજીવો. – **મુનિ શ્રીહીરપદ્મસાગરજી** (શ્રીબુદ્ધિસાગરસૂરિજી-સમુદાય)

* * *

**શ્રુતસંવિભાગ** - ૯ સં. ૨૦૭૪ ના વસંતપંચમીના દિવસે પ્રગટ થશે.
પોષ શુદિ એકમ, સં. ૨૦૭૪ સુધીમાં મળનારા લેખો/લખાણોનો સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.
મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ **શ્રુતસંવિભાગ** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.
'જિજ્ઞાસા-સમાધાન' અને 'પત્રચર્ચા' માટે મિત્રોના પત્રો આવકાર્ય છે.
'શ્રુત-વધામણાં' માટે **શ્રુતસંવિભાગ** પરિવારના મુનિવરો દ્વારા પ્રકાશિત નૂતન સાહિત્યની નોંધ અવશ્ય પાઠવશો.

---

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135